# ભારતીય ધર્મોમાં કર્મવાદ

: પ્રેરક :

પરમ પૂજ્ય કર્મસાહિત્યનિષ્ણાત


આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ

મુનિ વિદ્યાનંદવિજય

# ભારતીય ધર્મોમાં કર્મવાદ

●

[ હિંદુધર્મ, બૌદ્ધધર્મ અને જૈનધર્મના સુપ્રસિદ્ધ ગ્રન્થોમાંથી ચૂંટીને તૈયાર કરેલા કર્મવાદને લગતા ઉલ્લેખોનું સંક્ષિપ્ત સંકલન : મૂળપાઠ અને ગુજરાતી ભાવાર્થ સાથે ]




: સંકલનકાર :

## મુનિ કીર્તિચન્દ્ર વિજય.

[ જિનશાસનશિરતાજ પૂજ્ય આચાર્યભગવંત શ્રીમદ્ **વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના** વિદ્વાન શિષ્યરત્ન **પ. પૂ. પંન્યાસ શ્રી ભાનુવિજયજી** ગણિવર્યના સ્વ. શિષ્યરત્ન **પ. પૂ. પંન્યાસ શ્રી પદ્મવિજયજી** ગણિવરના શિષ્યરત્ન **પ. પૂ. મુનિરાજ શ્રી ગુણભદ્રવિજયજી** મહારાજના શિષ્ય. ]

# અનુક્રમ.....


| | પૃષ્ઠ |
| --- | --- |
| પ્રકાશકીય નિવેદન | ૩ |
| નૈવેદ્ય | ૪ |
| આધારભૂત ગ્રન્થોની યાદી | ૭ |
| પ્રકરણ ૧ લું : પ્રવેશ | ૧ |
| ડૉ. મેક્સમૂલરનો અભિપ્રાય | ૨૨ |
| પ્રકરણ ૨ જું : હિંદુધર્મમાં કર્મવાદ | ૨૩ |
| પ્રકરણ ૩ જું : બૌદ્ધ ધર્મમાં કર્મવાદ | ૪૧ |
| પ્રકરણ ૪ થું : જૈન ધર્મમાં કર્મવાદ | ૫૩ |
| ઉપસંહાર | ૭૨ |



પ્રાપ્તિસ્થાન :

(૧) ભા. પ્રા. ત. પ્રકાશન સમિતિ
C/o. શા. સમરથમલ
રાયચંદજી
મુ. પિંડવાડા, સ્ટે. સિરોહી રોડ
(રાજસ્થાન)

(૨) C/o. શા. રમણલાલ વજેચંદ
મસ્કતી માર્કિટ,
અમદાવાદ નં. ૧.

(૩) C/o. શા. રમણલાલ લાલચંદ
૧૩૫/૩૭ ઝવેરી બજાર,
મુંબઈ નં. ૨.

પ્રથમ આવૃત્તિ
૧૨૫૦ પ્રતિ

વિક્રમ સંવત્ ૨૦૨૨
વીર સંવત્ ૨૪૯૨

મૂલ્ય : ૫૦ નયા પૈસા

: મુદ્રક :
મંગલ મુદ્રણાલય,
ફતેહભાઈની હવેલી, રતનપોળ,
અમદાવાદ.

# પ્રકાશકીય નિવેદન

વિ. સં. ૨૦૨૨ના આસો સુદમાં અમદાવાદ મુકામે ભવ્ય રીતે ઉજવાનાર '**શ્રી કર્મ સાહિત્ય પ્રકાશન મહોત્સવ**' નિમિત્તે અમે કેટલુંક પ્રાસંગિક સાહિત્ય પ્રગટ કરી રહ્યા છીએ.

'**ભારતીય ધર્મોમાં કર્મવાદ**' નામની આ પુસ્તિકાનો પણ તેમાં સમાવેશ થાય છે.

કર્મસાહિત્યનિષ્ણાત, સુવિશાલ ગચ્છાધિપતિ, જિનશાસન શિરતાજ, વયોવૃદ્ધ આચાર્ય ભગવંત **શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાની** આજ્ઞાથી અને કૃપાથી આ પુસ્તિકાનું સંકલન, તેઓશ્રીજીના અન્તેવાસી **મુનિરાજ શ્રી કીર્તિચન્દ્ર વિજયજી** મહારાજે ટુંકસમયમાં સુંદર રીતે કરી આપ્યું છે.

આ પુસ્તિકાના વાંચનથી વાચકોને, ભારતીય સંસ્કૃતિમાં કર્મવાદ કેટલો વ્યાપક છે તેની કાંઇક ઝાંખી થશે. જૈનદર્શનના કર્મવાદની અજોડ સૂક્ષ્મતા તથા વિશાળતાનો પણ આછો ખ્યાલ આવશે. અને એ ખ્યાલ આવ્યા પછી અમારી સમિતિએ કર્મસાહિત્યના નવસર્જનને પ્રકાશિત કરવાનું જે મહાભારત કામ ઉપાડ્યું છે તેની પણ મહત્તા અને ઉપયોગિતા સમજાશે

નિવેદક :

**ભારતીય પ્રાચ્યતત્ત્વ પ્રકાશન સમિતિના ટ્રસ્ટીઓ**


| | |
|---|---|
| શેઠ રમણલાલ દલસુખભાઈ | શેઠ રમણલાલ વજેચંદ |
| શેઠ માણેકલાલ ચુનીલાલ | શેઠ સમરથમલ રાયચંદજી |
| શેઠ જીવતલાલ પરતાપશી | શેઠ ભાણાભાઈ સોમચંદ |
| શેઠ લાલચંદ છગનલાલ | શેઠ જેઠાલાલ ચુનીલાલ |
| શેઠ ખુબચંદ અચલદાસ | શેઠ ઈન્દ્રમલજી હીરાચંદજી |
| શેઠ હિંમતમલ રૂગનાથજી | શેઠ મન્નાલાલજી શીખબાજી |

# નૈવેદ્ય

'ભારતીય ધર્મોમાં કર્મવાદ' નામનું આ નાનકડું પુસ્તક હવે પ્રકાશિત થવાની તૈયારીમાં છે.

એકાદ મહિના પહેલાં તો કલ્પના પણ ન હતી કે મારે માથે આવું કોઈ પુસ્તક તૈયાર કરવાની જવાબદારી આવશે.

પરંતુ એક દિવસ અચાનક વાત નીકળી....વિચારણા થઈ....અને નક્કી પણ થઈ ગયું કે–'કર્મસાહિત્યના પ્રકાશન મહોત્સવ પ્રસંગે, અન્ય પરિચય પુસ્તિકાઓની સાથે એકાદ એવું પણ પુસ્તક પ્રકાશિત કરવું કે જેમાં જૈનધર્મ, હિન્દુ-ધર્મ અને બૌદ્ધધર્મ, એમ ત્રણે ધર્મના મુખ્ય મુખ્ય ગ્રન્થોમાંથી કર્મવાદને લગતા ઉલ્લેખો ચૂંટીને ગુજરાતી અનુવાદ સાથે સંકલિત કરવામાં આવ્યા હોય'

પછી તો વાત આગળ વધી....વાત્સલ્યસિંધુ પૂજ્ય આચાર્યદેવની આજ્ઞા થઈ....પૂજ્ય મુનિરાજશ્રી મિત્રા-નન્દ વિજયજી મહારાજે પ્રોત્સાહન આપ્યું....અને મેં પણ શક્તિ ન હોવા છતાં સાહસ કરીને એ કાર્ય કરવાનું માથે લીધું.

આચાર્યભગવંતના આશીર્વાદથી........સહવર્તિઓના સહકારથી અને અંતરના ઉત્સાહથી એક મંગલપ્રભાતે કાર્ય શરૂ થયું...આગળ વધ્યું અને હવે તો એ સમાપ્તિના સીમાડે આવીને ઉભું છે.

પરમગુરૂદેવ શ્રીમદ્ આચાર્ય ભગવંતના શીતલ-સુખદ સાન્નિધ્યમાં બેસીને જ મેં આ પુસ્તક તૈયાર કર્યું છે.

એ દિવ્યવિભૂતિની અમીદૃષ્ટિ અને આશીર્વાદ ન હોત તો તો આ કામ શરૂ જ કયાંથી થાત ?

કાર્ય શરૂ થયા પછી પણ તેઓશ્રીજીની સતત ઉઘરાણી અને પ. પૂ. વિદ્વાનમુનિરાજશ્રી મિત્રાનંદ વિજયજી મ. નું સતત પ્રોત્સાહન ન હોત તો આ કામ પુરૂં પણ કયાંથી થાત ?

પુસ્તકનું પ્રથમ પ્રકરણ 'પ્રવેશ' લખાયા પછી પરમ પૂજ્ય આચાર્યદેવશ્રીજીએ સ્વયં સાંભળીને તથા તેઓશ્રીના વિદ્વાન શિષ્યરત્ન મુનિરાજશ્રી ચન્દ્રશેખર વિજયજી મહારાજે જોઈ–તપાસીને કેટલાક મહત્ત્વના સુધારા વધારા કરી આપ્યા, અને મહાન તપસ્વી, પ્રભાવક પ્રવચનકાર પ્રગુરૂદેવ પૂજ્ય પંન્યાસપ્રવર શ્રીમદ્ ભાનુ વિજયજી ગણિવરશ્રીએ અનેકાનેક કાર્યોની વચ્ચે પણ પોતાનો બહુમૂલ્ય સમય કાઢી લગભગ બધાં જ પ્રકરણો જોઈ--તપાસીને સુધારી આપ્યા તે બદલ તે ત્રણે પૂજ્યોનો જેટલો ઉપકાર માનું તેટલો ઓછો છે.

આ પુસ્તકને પોતાનું જ સમજીને તેને સુંદરતમ બનાવવામાં તથા પ્રુફો વગેરે તપાસવામાં કાર્યદક્ષ પૂ. મુનિરાજ શ્રી મિત્રાનંદ વિ. મહારાજે આત્મીયભાવે જે પરિશ્રમ લીધો છે. તે બદલ ખાલી શાબ્દિક આભાર વ્યક્ત કરીને છૂટી જવાની ધૃષ્ટતા હું કરી શકું તેમ નથી.

આ પ્રસંગે મારા સંસારી પિતા અને સાધુજીવનના ગુરૂદેવ પ. પૂ. મુનિવર્ય શ્રી ગુણભદ્ર વિજયજી મહારાજને

તથા મારી દરેક પ્રવૃત્તિમાં સહભાગી બનનાર, શ્રમણજીવનના સાથી અને પૂર્વાવસ્થાના લઘુબંધુ મુનિરાજ શ્રી જિનચન્દ્ર વિજયજી અને વડીલબંધુ મુનિરાજ શ્રી મુનિચન્દ્ર વિજયજી મહારાજને પણ હું કેમ ભૂલી શકું ?

આ કાર્ય મને સોંપી અને તે નિમિત્ત જૈનધર્મ, હિંદુધર્મ તથા બૌદ્ધધર્મના અનેક અપરિચિત ગ્રન્થોનો પ્રથમ પરિચય કરવાની તક આપનાર પૂજ્ય આચાર્ય ભગવંત પ્રત્યે તો હું કયા શબ્દોમાં ભક્તિ પ્રદર્શિત કરૂં ?

દશ વર્ષની વયથી પ્રારંભીને આજે લગભગ ૨૨–૨૩ વર્ષની વય સુધીના શ્રમણજીવનના આ ૧૨–૧૨ વર્ષોમાં, સતત પોતાની પાસે રાખીને એ દિવ્યવિભૂતિએ આ પામર આત્મા ઉપર જે અમાપ વાત્સલ્ય વરસાવ્યું છે, જે અગણિત ઉપકારો કર્યા છે....તેને યથાર્થ પણે સમજવાની યોગ્યતા પણ હજી મારામાં નથી આવી એમ મને લાગે છે.

અંતે આ પુસ્તકના વાંચનથી એકાદ વ્યક્તિને પણ કર્મવાદની વ્યાપકતા સમજાશે અને તેના વિશેષ અભ્યાસ માટે જિજ્ઞાસા જાગશે તો મારો આ બાલક્રીડા જેવો અલ્પ-શ્રમ પણ સાર્થક બની જશે.

પુસ્તકમાં રહેલી ક્ષતિઓ તરફ ધ્યાન દોરવા સૌને સપ્રેમ આમંત્રણ છે.

વિ. સં. ૨૦૨૨ ભા. સુદ ૮
'મુક્તિદ્વાર'
દશાપોરવાડ સોસાયટી
અમદાવાદ નં. ૭.

મુનિ કીર્તિચન્દ્ર વિજય.

# આધારભૂત ગ્રન્થોની યાદી

આ પુસ્તક તૈયાર કરવામાં હિંદુધર્મ, બૌદ્ધધર્મ અને જૈનધર્મના જે જે ગ્રન્થોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તે આધારભૂત ગ્રન્થોની યાદી આ પ્રમાણે છે:-

## (૧) હિન્દુ ધર્મના ગ્રન્થો

બૃહદારણ્યકઉપનિષદ્(સંસ્કૃત)
મૈત્રાયણી ,, ,,
કૌષીતકી ,, ,,
શ્વેતાશ્વતર ,, ,,
પ્રશ્નોપનિષદ્ ,, ,,
ભગવદ્ ગીતા ,, ,,
પાતંજલ યોગસૂત્ર. ,,
મનુસ્મૃતિ ,,
યાજ્ઞવલ્કય સ્મૃતિ ,,
મહાભારત (સંસ્કૃત-હિન્દી)
વાલ્મિકી રામાયણ (સંસ્કૃત)
આધ્યાત્મિક ,, ,,
શ્રીમદ્ ભાગવત ,,
,, (ગુજરાતી)
શ્રીમદ્દવી ભાગવત ,,
વિષ્ણુ પુરાણ(સંસ્કૃત-હિન્દી)
પદ્મ પુરાણ સંસ્કૃત
કૂર્મ પુરાણ ,,
મત્સ્ય પુરાણ (સંસ્કૃત)
પંચતંત્ર ,,
ભતૃહરિકૃતનીતિશતક ,,
વૃદ્ધચાણાકય નીતિ ,,
ઇતિહાસ સમુચ્ચય ,,
અનાસક્તિ યોગ (ગુજરાતી)
કર્મનો નિયમ ,,

## (૨) બૌદ્ધધર્મના ગ્રન્થો.

ધમ્મપદ (પાલી-ગુજરાતી)
મિલિન્દ પઞ્હો (પાલી)
મિલિન્દ પ્રશ્ન (હિન્દી)
સુત્ત નિપાત (પાલી)
સુત્ત નિપાત (ગુજરાતી)
વિશુદ્ધિ મગ્ગો. (પાલી)
વિશુદ્ધિ માર્ગ (હિન્દી)
અભિધર્મ કોશ (સંસ્કૃત)
,, નાલંદિકા વૃત્તિ ,,

## (૩) જૈન ધર્મના ગ્રન્થો

શ્રી દશવૈકાલિકસૂત્ર(પ્રાકૃત)
શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર ,,
શ્રી આચારાંગસૂત્ર ,,
શ્રી સૂત્રકૃતાંગસૂત્ર ,,
શ્રી ,, ,, વૃત્તિ(સંસ્કૃત)
શ્રી સ્થાનાંગસૂત્ર (પ્રાકૃત)
શ્રી ભગવતીસૂત્ર ,,
શ્રી જ્ઞાતાધર્મકથાંગસૂત્ર ,,
શ્રી દશાશ્રુતસ્કંધસૂત્ર ,,
શ્રી તત્વાર્થસૂત્ર (સંસ્કૃત-ગુજરાતી)
શ્રી યોગશતક (પ્રાકૃત-ગુજરાતી)
શ્રી શાસ્ત્રવાર્તાસમુચ્ચય (સંસ્કૃત)
શ્રી લોકતત્વનિર્ણય (સંસ્કૃત-ગુજરાતી)
શ્રી ગુણસ્થાનક ક્રમારોહ ,,
શ્રી યોગશાસ્ત્રમૂલ (સંસ્કૃત)
શ્રી જ્ઞાનસારમૂલ (સંસ્કૃત)
શ્રી જ્ઞાનસારટબાર્થ (ગુજરાતી)
શ્રી પાતંજલયોગસૂત્રવૃત્તિ (સંસ્કૃત)
કર્મસિદ્ધિ (સંસ્કૃત)
સૃષ્ટિવાદ અને ઈશ્વર (સંસ્કૃત ગુજરાતી)
સુભાષિતપદ્ય રત્નાકર (,, ,,)
ગણધરવાદ પ્રસ્તાવના (ગુજરાતી)
સારસમુચ્ચય કુલક (પ્રાકૃત)
દશવૈકાલિકસૂત્ર અનુવાદ (ગુજરાતી)
ઉત્તરાધ્યયનસૂત્ર ,, ,,
ભગવાન મહાવીરની ધર્મ-કથાઓ (ગુજરાતી)
જિનવાણી ,,
કર્મસિદ્ધાંત સંબંધી સાહિત્ય (ગુજરાતી)
મહાવીર સિદ્ધાન્ત ઔર ઉપદેશ (હિન્દી)

## પ્રકરણ ૧ લું

★

# પ્રવેશ

ભારત એ ધર્મપ્રધાન દેશ છે.

જુદા જુદા ધર્મો, દર્શનો, પંથો અને સંપ્રદાયોનો અહીં સદા સુકાળ રહ્યો છે.

સાધુસંતો, પંડિતો કે વિદ્વાનો જ નહિં, પરંતુ ભારતનો ગાય ચારતો ગોવાળ કે ખેતર ખેડતો ખેડૂત પણ આત્મા–પરમાત્મા અને પુણ્ય–પાપ વિષે થોડું ઘણું જાણનારો, શ્રદ્ધા ધરાવનારો અને એ શ્રદ્ધાને જીવનમાં અમલી બનાવનારો હોય છે.

જુદા જુદા ધર્મો તથા સંપ્રદાયોના આચારો અને વિચારો ભિન્ન ભિન્ન હોવા છતાં જેમ અહિંસા કે જીવદયા એ ભારતનો સર્વમાન્ય આચાર છે, તેમ કર્મવાદ (શુભાશુભ કર્મ અને તેનાં શુભાશુભ ફળની પ્રાપ્તિનો વિચાર) એ ભારતનો સર્વમાન્ય વિચાર છે, એમ કહી શકાય.

ચાર્વાકદર્શન જેવા એકાદ અપવાદને બાદ કરતાં બાકીના લગભગ બધા ધર્મો અને દર્શનોએ એક યા બીજી રીતે કર્મવાદનો સ્વીકાર કરેલો જ છે. અને એના આધારે પુનર્જન્મની પરંપરા તેમજ સંસારનાં સુખ દુઃખની વ્યવસ્થા પણ સ્વીકારી છે.

(૧)

હિંદુ ધર્મના પ્રાચીન અને શ્રેષ્ઠ સાહિત્ય તરીકે ગણાતા ઉપનિષદોમાં કહ્યું છે કે—

**पुण्यो वै पुण्येन कर्मणा भवति, पापः पापेन ।**

પુણ્યકર્મથી તે પુણ્યશાળી બને છે. (સુખી થાય છે) અને પાપકર્મથી પુણ્યહીન–પાપી બને છે. (દુઃખી થાય છે.)

—बृहदारण्यकोपनिषद् ३।२।१३

**गुणान्वयो यः फलकर्मकर्ता,**
**कृतस्य तस्यैव स चोपभोक्ता ।**

ગુણયુક્ત એવો જે જીવ તે (શુભાશુભ) ફ્લોને આપનાર કર્મોનો કર્તા છે. અને કરેલાં તે કર્મોનો (શુભાશુભ ફળોનો) ભોક્તા પણ પોતે જ છે.

—श्वेताश्वतरोपनिषद्. अध्याय ५, श्लो. ७.

વેદાંત અને અદ્વૈતવાદના પ્રચારક તથા હિન્દુધર્મના મહાન ઉદ્ધારક ગણાતા શ્રીશંકરાચાર્ય પણ કહે છે—

सुखस्य दुःखस्य न कोऽपि दाता,
परो ददातीति कुबुद्धिरेषा ।
अहं करोमीति वृथाभिमानः,
स्वकर्मसूत्रग्रथितो हि लोकः ॥१॥

સુખ અને દુઃખનો દેનાર બીજો કોઈ નથી. બીજો કોઈ સુખ દુઃખ આપે છે એમ માનવું તે દુર્બુદ્ધિ–અજ્ઞાન

છે. હું જ કરૂં છું એમ માનવું તે મિથ્યા અભિમાન છે. ખરી રીતે તો પોતાનાં પૂર્વકર્મથી ગુંથાયેલો જીવસમુહ સુખ દુઃખનો કર્તા છે.

આવાં તો અનેક ઉલ્લેખો મળે છે. જેમાંના કેટલાક ઉલ્લેખો આ જ પુસ્તકમાં 'હિંદુધર્મમાં કર્મવાદ' નામનાં બીજા પ્રકરણમાં આપવામાં આવ્યા છે.

અહીં એક વાત ખ્યાલમાં રાખવી જોઇએ કે વેદમાં[1] કર્મવાદ વિષેનાં ઉલ્લેખો અલ્પ પ્રમાણમાં મળે છે. ઉપનિષદોમાં એનાં કરતાં વધુ પ્રમાણમાં અને વધુ સ્પષ્ટ રીતે મળે છે. અને પછી ભાષ્યગ્રન્થોમાં, સ્મૃતિઓમાં, પુરાણોમાં તથા મહાભારત – રામાયણ અને શ્રીમદ્ભાગવત જેવા ગ્રન્થોમાં તો ઠેર ઠેર શુભાશુભકર્મ અને તેનાં આલોક-પરલોકમાં અવશ્ય મળનારા શુભાશુભફળોનું વર્ણન આપણને જોવા મળે છે. એટલું જ નહિં પરંતુ જૈન–દર્શનના કર્મવાદમાં આવતી ૧. બંધ ૨. ઉદય અને ૩. સત્તાની પ્રક્રિયાનું કંઈક સ્મરણ કરાવતી કર્મની ૧. ક્રિયમાણ ૨, પ્રારબ્ધ અને ૩. સંચિત નામની ત્રણ અવસ્થાઓ પણ નજરે ચડે છે.

નૈયાયિક–વૈશેષિકોએ 'अदृष्ट' નામનો અને મીમાંસકોએ 'अपूर्व' નામનો પદાર્થ કલ્પી એના દ્વારા શુભાશુભ ફળની પ્રાપ્તિ માની છે.

(૧) જુઓ–અથર્વવેદ (સં. ૧૧/૪/૧૦/૧–૨) (સં. ૧૧/૪/૧૦/૫–૬)

સાંખ્યદર્શને સ્વીકારેલ પ્રકૃતિ અને પુરૂષ, અપેક્ષાએ કર્મપ્રકૃતિ અને આત્માનાં જ નામાન્તરો છે. એમ જૈન-દાર્શનિક વિદ્વાનોએ કહ્યું છે.[1]

પાતંજલ[2] યોગદર્શનમાં આવતી કલેશ અને કર્મની પ્રક્રિયા તો જૈનદર્શનના કર્મવાદ સાથે બીજા બધા કરતાં વધુ શબ્દસામ્ય અને અર્થસામ્ય ધરાવે છે.

ટુંકમાં આ બધી વાતો ઈશ્વરકર્તૃત્વવાદી હિન્દુ પરંપરા ઉપર પડેલી કર્મવાદની ઊંડી અસરને જ સૂચવે છે.

ભગવાન મહાવીરદેવના પૂર્વાપર સમયમાં હિંસક-યજ્ઞો અને ઈશ્વરકર્તૃત્વ જેવા વાદોમાં જ રક્ત બની ગયેલી પ્રજામાં અહિંસાવાદી અને આત્મપુરૂષાર્થવાદી જૈનપરંપરાએ પોતાના આચાર-વિચારનાં ઉચ્ચ આંદલનો દ્વારા જે નવચૈતન્ય પૂર્યું, તેની જે ઊંડી અસર વૈદિકપરંપરા ઉપર પડી, તે અસરને લીધે જ અહિંસા અને કર્મવાદના સ્પષ્ટ વિચારો ઓછા-વધતા અંશે પણ પાછળના દરેક સંપ્રદાયોના સાહિત્યમાં આપણને જોવા મળે છે. એમ કહેવું જરાયે વધુ પડતું નથી.

આમ હોવા છતાં પણ નિરીશ્વર. સાંખ્યદર્શન કે મીમાંસાદર્શન જેવા અમુક અપવાદો સિવાય વૈદિક-

(૧) જુઓ-શાસ્ત્રવાર્તા સમુચ્ચય. શ્લોક ૨૩૨ થી ૨૩૭

(૨) ઉપા. શ્રીયશોવિજયજીમહારાજ કૃત સંસ્કૃત વિવરણવાળું પાતંજલયોગસૂત્ર અને એની હિન્દી પ્રસ્તાવના.

પરંપરાના લગભગ બધા જ દર્શનો કે સંપ્રદાયો જીવોનાં શુભાશુભ કર્મને અનુસારે એનું શુભાશુભ ફળ આપનાર તટસ્થ ન્યાયાધીશના રૂપમાં ઈશ્વરનું કર્તૃત્વ સ્વીકારે છે. એમનાં મતે સુખ દુઃખ એ પુરૂષકૃત શુભાશુભકર્મને આધીન તો છે જ. પરંતુ જીવે કરેલા શુભાશુભકર્મનું ફળ એને સ્વયં નથી મળી જતું કિન્તુ ઈશ્વિર દ્વારા મળે છે.

આ માન્યતાનું ખંડન વેદને જ પ્રમાણ માનનારા પણ ઈશ્વર કર્તૃત્વને નહિ માનનાર મીમાંસકદર્શનના વિદ્વાનો તથા જૈન અને બૌદ્ધદાર્શનિકો પ્રાચીનકાળથી કરતા આવ્યા છે. કારણ કે એ બધા (મીમાંસકો, જૈનો અને બૌદ્ધો) જગત્કર્તા કે કર્મફલદાતા તરીકે ઈશ્વરને માન્ય કરતા નથી.

અહીં પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષની એ ખંડન-મંડનની વાતોમાં ન ઉતરતાં આપણે ભારતીય દર્શનોના અદ્વિતીય વિદ્વાન અને મહાન જૈનાચાર્ય શ્રીમદ્ વિજય હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ નયદષ્ટિએ (સ્યાદ્વાદ શૈલીથી) ઈશ્વર કર્તૃત્વનો સમન્વય કેવી રીતે કરે છે, તે જોઈએ. શાસ્ત્રવાર્તાસમુચ્ચયના પ્રથમ સ્તબકમાં ઈશ્વરકર્તૃત્વની વિશદ સમીક્ષા કર્યા પછી ઉપસંહાર કરતાં તેઓ કહે છે કે:

इश्वरः परमात्मैव, तदुक्तव्रतसेवनात् ।
यतो मुक्तिस्ततस्तस्याः, कर्ता स्याद्गुणभावतः ॥ २०४ ॥
तदनासेवनादेव, यत्संसारोऽपि तत्त्वतः ।
तेन तस्यापि कर्तृत्वं; कल्प्यमानं न दुष्यति ॥ २०५ ॥

कर्ताऽयमिति तद्वाक्ये, यतः केषाञ्चिदादरः ।
अतस्तदानुगुण्येन, तस्य कर्तृत्वदेशना ॥२०६॥

ભાવાર્થ :- ઈશ્વર એટલે પરમાત્મા, એ (વીતરાગ અને સર્વજ્ઞ) પરમાત્માએ કહેલા સન્માર્ગનું સેવન કરવાથી મુક્તિ પ્રાપ્ત થાય છે. માટે મુક્તિના દાતા ઈશ્વર છે એમ ઉપચારથી કહી શકાય અને પરમાત્માએ બતાવેલા સન્માર્ગનું આચરણ નહિ કરવાથી જીવનો સંસાર (ભવભ્રમણ) ચાલુ રહે છે. માટે તેના કર્તા પણ ઈશ્વર છે. એમ ઉપચારથી કહેવામાં દોષ નથી.

કેટલક જીવોને ઈશ્વરના કર્તૃત્વમાં વિશેષ આદર હોય છે. એટલે તેઓને સ્યાદ્વાદના જાણકારો આવી ઈશ્વરકર્તૃત્વની દેશના આપે છે. ૨૦૪, ૨૦૫, ૨૦૬.

આ તો ઉપચારથી ને વ્યવહારથી ઈશ્વરકર્તૃત્વ ઘટાવ્યું પરંતુ વસ્તુતઃ ઈશ્વરકર્તૃત્વ શી રીતે ઘટે તે પણ ગ્રન્થકાર એક જ શ્લોકથી બતાવી દે છે.

परमैश्वर्य युक्तत्वान्मत आत्मैव चेश्वरः ।
स च कर्त्तेति निर्दोषः, कर्त्तृवादो व्यवस्थितः ॥ २०७ ॥

ભાવાર્થ :- દરેકનો આત્મા જ પરમૈશ્વર્યથી યુક્ત છે. માટે ઈશ્વર છે. અને તે આત્મા જ બધી ક્રિયાઓનો કર્તા છે. આમ આત્મસ્વરૂપ આ ઈશ્વરતત્ત્વ જ ખરેખર જગત્કર્તા છે. આમ કોઈપણ દોષ વિનાનો કર્તૃત્વવાદ સિદ્ધ થઈ જાય છે. ૨૦૭.

આમ જૈનદર્શન તો સ્યાદ્વાદથી ઇશ્વરકર્તૃત્વની વાત પણ મૂળ સત્યને બાધ ન આવે તેમ યુકિતપૂર્વક સરસ રીતે સ્વીકારે છે. પરંતુ ઈશ્વર જેવું એક જુદું જ તત્ત્વ માનવું અને કુંભાર જેમ ઘડાને ઘડે તેમ ઈશ્વર જગતનું સર્જન કરે, અથવા તો ન્યાયાધીશની જેમ જીવોના શુભાશુભકર્મોનો ફેંસલો આપી સુખ દુઃખની વ્હેંચણી કરે.... એવી વાતોનો જૈન દર્શનમાં સ્પષ્ટ ઈન્કાર કરવામાં આવ્યો છે.

વળી હિંદુધર્મનાં સર્વશ્રેષ્ઠ અને સર્વમાન્ય ગ્રન્થ તરીકે પ્રસિદ્ધિને પામેલ, શ્રી ભગવદ્ ગીતામાં ગીતાકારે પણ જે કહ્યું છે તે ઈશ્વરકર્તૃત્વનો આગ્રહ રાખનાર સૌ કોઈએ વિચારવા જેવું છે.

ગીતકાર પાંચમા અધ્યાયમાં કહે છે કે:–

न कर्त्तृत्वं न कर्माणि, लोकस्य सृजति प्रभुः ।
न कर्मफलसंयोगं, स्वभावस्तु प्रवर्तते ॥१४॥
नादत्ते कस्यचित्पापं, न चैव सुकृतं विभुः ।
अज्ञानेनावृतं ज्ञानं, तेन मुह्यन्ति जन्तवः ॥१५॥

આ બે શ્લોકોનો અર્થ સ્વયં ન કરતા ગાંધીજીએ ગીતાના ગુજરાતી અનુવાદમાં એ શ્લોકોનો અર્થ કરીને જે નોંધ કરી છે તે જ અક્ષરશઃ નીચે રજૂ કરું છું.

"જગતનો પ્રભુ નથી કર્તાપણું રચતો, નથી કર્મ

રચતો, નથી કર્મ અને ફળનો મેળ સાધતો પરંતુ પ્રકૃતિ જ બધું કરે છે. ૧૪.

નોંધ : ઈશ્વર કર્તા નથી. કર્મનો નિયમ અચલિત અને અનિવાર્ય છે. અને જે જેવું કરે તેવું તેણે ભરવું જ રહ્યું. આમાં જ ઇશ્વરની મહાદયા રહેલી છે. તેનો ન્યાય રહેલો છે. શુદ્ધ ન્યાયમાં શુદ્ધ દયા છે. ન્યાયની વિરોધી દયા તે દયા નથી પણ ક્રૂરતા છે. પણ મનુષ્ય ત્રિકાળદર્શી નથી. તેથી તેને સારુ તો દયા–ક્ષમા એજ ન્યાય છે. તે પોતે નિરંતર ન્યાયને પાત્ર હોઈ ક્ષમાનો યાચક છે. તે બીજાનો ન્યાય ક્ષમાથી જ ચૂકવી શકે. ક્ષમાનો ગુણ કેળવે તો જ છેવટે અકર્તા યોગી–સમતાવાન કર્મમાં કુશળ બને.

ઇશ્વર કોઇનું પાપ કે પુણ્ય ઓઢતો નથી અજ્ઞાન વડે જ્ઞાન ઢંકાઈ જાય છે અને તેથી લોકો મોહમાં ફસાય છે. ૧૫.

નોંધ : અજ્ઞાનથી 'હું કરૂં છુ' એ વૃત્તિથી મનુષ્ય કર્મબંધન બાંધે છે છતાં સારા માઠાં ફળનો આરોપ ઈશ્વર ઉપર મૂકે છે. એ મોહજાળ છે. —ગાંધીજી.

(નવજીવન પ્રકાશન મંદિરથી પ્રકાશિત અનાસક્તિ યોગ. ૪થી આવૃત્તિ પૃષ્ઠ ૬૦/૬૧).

ગમે તે કારણે હિંદુધર્મની પરંપરામાં કર્મવાદ ઉત્તરોત્તર વધુને વધુ વ્યાપક બનતો ગયો છે. એ સ્પષ્ટ દેખાય છે.

(૨)

બૌદ્ધપરંપરા તો જૈનપરંપરાની જેમ મૂળથી જ ઈશ્વરકર્તૃત્વનો નિષેધ કરે છે. જગતનો કર્તા કે જીવોનાં કર્મોનો ફલદાતા કોઈ ઈશ્વર નથી પરંતુ જીવ પોતે જ શુભાશુભકર્મોના હિસાબે સુખી દુઃખી થાય છે. એટલું જ નહિં પરંતુ આખો સંસાર કર્મને આધારે જ ચાલે છે એમ તેઓ માને છે. બૌદ્ધ-આગમ સુત્તનિપાતમાં કહ્યું છે કે—

कम्मना वत्तती लोको, कम्मना वत्तती पजा ।
कम्मनिबंधना सत्ता, रथस्साणीव यायतो ॥

—३ महावग्ग, ९ वासेट्ठसुत्त, श्लो. ६०.

અર્થ : કર્મથી જગત્ ચાલે છે. પ્રાણીઓ કર્મથી જીવે છે. ચલતો રથ જેમ ધરી પર અવલંબે છે તેમ પ્રાણીઓ કર્મ ઉપર અવલંબે છે.

—ધર્માનંદ કૌશમ્બી કૃત અનુવાદ પૃષ્ઠ ૧૯૯

સુપ્રસિદ્ધ બૌદ્ધ ગ્રન્થ ધમ્મપદમાં પણ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે—

गब्भमेके उप्पज्जन्ति, निरयं पापकम्मिनो ।
सग्गं सुगतिनो यान्ति, परिनिब्बन्ति अनासवा ॥

—धम्मपद, ९ पापवग्ग, गाथा ११.

અર્થ : કેટલાક પાપકર્મીઓ ગર્ભમાં ઉત્પન્ન થાય

છે. કેટલાક નરકમાં ઉત્પન્ન થાય છે. અને સદ્‌ગતિવાળા (પુણ્યકર્મી) સ્વર્ગમાં જાય છે. તથા આશ્રવ વિનાનાં નિર્વાણને પામે છે.

—ધર્મપદ ૯ મો પાપવર્ગ, ગાથા. ૧૧

કર્મવાદની ઉદ્‌ઘોષણા કરનારા આવા તો અનેક સૂત્રપાઠો બૌદ્ધ સાહિત્યમાં પડેલા છે. એમાંથી કેટલાક નમુના આજ પુસ્તકના '**બૌદ્ધ ધર્મમાં કર્મવાદ**' નામના ત્રીજા પ્રકરણમાં આપ્યા છે.

આમ બૌદ્ધો પણ કર્મ, પુણ્ય–પાપ, પુનર્જન્મ, સદ્‌ગતિ–દુર્ગતિ, સંસાર અને નિર્વાણ વગેરે બધું માને છે.

(૩)

જૈનદર્શન વૈદિકપરંપરાની જેમ ઈશ્વરકર્તૃત્વવાદી નથી પરંતુ મૂળથી જ કર્મવાદી છે. આત્મ પુરૂષાર્થવાદી છે. એ વાત આપણે પહેલા જ કરી લીધી છે. પ્રભુ મહાવીરદેવે કર્મવાદને લગતી અનેક વાતો વિસ્તારથી સ્વમુખે વર્ણવી છે. જેનું દર્શન આપણને જૈન–આગમસૂત્રોમાં ઠેર ઠેર થાય છે.

ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે :–

**रागो य दोसो वि य कम्म बीयं ।**
**कम्मं च मोहप्पभवं वयंति ॥**
**कम्मं च जाईमरणस्स मूलं ।**
**दुक्खं च जाईमरणं वयंति ॥**

રાગ અને દ્વેષ, એ બન્ને કર્મનાં બીજ છે. કર્મ મોહથી ઉત્પન્ન થાય છે. એમ જ્ઞાનીઓ કહે છે. અને એ કર્મ જ જન્મ-મરણનું મૂળ છે. જન્મ અને મરણ એજ દુઃખ છે. —ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન ૩૨, શ્લો. ૭.

જૈનદર્શનમાં રાગ-દ્વેષ-મોહ વગેરેને ભાવકર્મ કહ્યા છે. એ રાગાદિ ભાવકર્મને કારણે આત્મા પર ચોંટતા કર્માણુઓ (કાર્મણ વર્ગણાના પુદ્ગલો)માં એક વિશિષ્ટ-શક્તિ ઉત્પન્ન થાય છે. સંસારી આત્માની સાથે એકમેક થઇ જતા આવા પુદ્ગલોને દ્રવ્યકર્મ કહેવામાં આવે છે. આ દ્રવ્યકર્મના પ્રભાવે જ જીવનું જુદી જુદી ગતિઓમાં ભ્રમણ-જન્મ-મરણાદિ સુખ દુઃખોની પ્રાપ્તિ માનવામાં આવી છે.

સૂયડાંગ સૂત્રમાં કહ્યું છે કે—

सव्वे सयकम्म कप्पिया,
अवियत्तेण दुहेण पाणिणो ।
हिण्डन्ति भयाउला सया,
जाई-जरा-मरणेहि भिद्दया ॥

સર્વ પ્રાણીઓ પોતપોતાનાં ઉપાર્જેલા કર્મોની પરવશતાને કારણે જ અવ્યક્ત દુઃખોથી દુઃખી અને જન્મ-મરણ-જરા વગેરેથી પીડાતા, સદા ભયભીત થઈને આ સંસારચક્રમાં ભટકી રહ્યા છે.

—સૂયડાંગસૂત્ર. પ્રથમશ્રુતસ્કંધ.
(અધ્યયન ૨જું, ઉદ્દેશો ૩ જો. ગાથા ૧૮)

લોક તત્ત્વનિર્ણયમાં[1] શ્રીમાન્ હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજ કહે છે કે :—

प्रकृतीश्वरौ विधानं, कालः सृष्टिर्विधिश्च दैवं च ।
इतिनामधनो लोकः, स्वकर्मतो संसरत्यवशः ॥१॥

પ્રકૃતિ, પુરૂષ, વિધાન, કાલ, સૃષ્ટિ, વિધિ અને દૈવ, એવા જુદા જુદા નામોથી (કર્મને) ઓળખાતો પ્રાણીસમૂહ પોતપોતાના કર્મને પરવશ થઈને સંસારમાં ભ્રમ્યા કરે છે.

अध्दाचक्रमनीशं, ज्योतिश्चक्रं च जीवचक्रं च ।
नित्यं पुनन्ति लोकानुभावकर्मानुभावाभ्याम् ॥२॥

કાલચક્ર, જ્યોતિષચક્ર અને જીવચક્ર હંમેશાં લોક-સ્વભાવથી અને કર્મના અનુભાવ (પ્રભાવ)થી પ્રવર્ત્યા કરે છે.

જૈનધર્મના સાહિત્યમાંથી પણ કર્મની સત્તા અને સામર્થ્યને સૂચવતા આવા થોડા સૂત્રપાઠો "**જૈનધર્મમાં કર્મવાદ**" નામના ચોથા પ્રકરણમાં આપ્યા છે.

### જૈનદર્શનના કર્મવાદની વિશેષતાઓ :—

પરંતુ ખાસ ખ્યાલમાં રાખવાની વાત તો એ છે કે જૈન પરંપરામાં કર્મવાદ અંગે જે સાહિત્ય રચાયું છે. અને આજે જેટલું ઉપલબ્ધ છે. તે પણ હિંદુ અને બૌદ્ધપરંપરાના કર્મવિષયક સાહિત્ય કરતાં સેંકડોગણું

---

૧. જુઓ જૈનધર્મ પ્રસારક સભા, ભાવનગરથી પ્રકાશિત પ્રત, પૃષ્ઠ. ૩૩, ૩૪

અરે ! હજારોગણું છે એમ કહીએ તો ચાલે. એનું કારણ એ છે કે જૈનદર્શન બીજા દર્શનોની જેમ કર્મનું અસ્તિત્વ સ્વીકારીને કે કર્મને ફક્ત જગતની વિચિત્રતાઓનું અને સુખદુઃખનું કારણ ગણાવીને જ અટકી ગયું નથી પરંતુ,

* કર્મ એટલે શું ?
* એને સ્વતંત્ર તત્ત્વ તરીકે માનવાની શી જરૂર ?
* ન માનીએ તો શો વાંધો આવે ?
* માનીએ તો કેવી કેવી રીતે જીવ, જગત્ અને ઈશ્વરને લગતા જટિલ પ્રશ્નોનું સ્પષ્ટ સમાધાન થઈ જાય ?
* આત્મા કર્મ બાંધે છે કે કર્મ સ્વયં આવીને આત્માને ચોંટે છે ?
* કઈ દૃષ્ટિએ (નયથી) આત્મા કર્મનો કર્તા, ભોકતા છે અને નથી ?
* કર્મ એ કેવો પદાર્થ છે ? જડ છે કે ચેતન ? રૂપી છે કે અરૂપી ?
* અરૂપી આત્મા ઉપર રૂપીકર્મની અસર શી રીતે થાય ?
* જડ એવા કર્મનું બળ વધારે કે ચૈતન્યમય આત્માનું ?
* આત્મા અને કર્મનો સંબંધ શી રીતે થાય છે ?
* આત્મા અને કર્મનો સંબંધ સાદિ છે કે અનાદિ ?
* જો અનાદિ હોય તો એનો અંત શી રીતે ઘટે ?
* કર્મથી મુક્ત થવાની ચોક્કસ પ્રક્રિયા કઈ કઈ છે ?

* કર્મના ભેદો કેટલા?

* દ્રવ્યકર્મ એટલે શું અને ભાવકર્મ એટલે શું?

* રાગ-દ્વેષ-મોહાદિ રૂપ ભાવકર્મથી આત્મામાં પુદ્‌ગલ-રૂપ દ્રવ્યકર્મનો સંચય થાય છે કે દ્રવ્યકર્મના ઉદયથી રાગ-દ્વેષ-મોહ વગેરે ઉત્પન્ન થાય છે?

* પહેલું કોણ દ્રવ્યકર્મ કે ભાવકર્મ?

* એ બન્નેનો પરસ્પર અનાદિ કાર્યકારણ ભાવ શી રીતે?

* સાંખ્યદર્શનવાળા જેમ પ્રકૃતિને, વેદાન્ત દર્શનવાળા જેમ માયા કે અવિદ્યાને સંસારભ્રમણનું કારણ માને છે તેમ રાગદ્વેષ-મોહાદિભાવોને જ સંસારનું કારણ માની લો અને પુદ્‌ગલરૂપ દ્રવ્યકર્મને ન માનો તો શું વાંધો આવે?

* દ્રવ્યકર્મના પાછા મૂળ ૮ ભેદો અને ૧૫૮ પેટા ભેદો માનવાની શી જરૂર? દરેક ભેદનું વિશેષ કાર્ય શું છે?

* ૧૫૮ કર્મના ભેદોમાં પણ પ્રત્યેકના પાછા પ્રકૃતિ બંધ (Noture) સ્થિતિબંધ (Time Lineit) રસબંધ (Digull Power) અને પ્રદેશબંધ (Bulk) એમ ચાર ચાર જાતના બંધ શા માટે?

* કોઈ મૂરખ, કોઈ બુદ્ધિશાળી અને કોઈ મહાબુદ્ધિ-શાળી હોય છે એમાં કયું કર્મ કામ કરતું હશે?

* એવું કોઈ કર્મ છે કે જે દૂર થવાથી માણસ અહીં

બેઠાં બેઠાં જ હજારો માઈલ દૂરની વસ્તુઓ જોઈ શકે ? અને બીજાના મનના વિચારો પણ જાણી શકે ?

* દર્શનગુણ ઉપર કર્મશક્તિ શું અસર કરે છે ?

* ઉંઘ ઓછી-વધુ આવવી એ પણ શું કર્મના હાથની વાત છે ?

* સાંસારિક સુખો અને દુઃખો, અનુકૂળતાઓ અને પ્રતિકૂળતાઓ કયા કયા કર્મના આધારે જીવનમાં તડકા-છાયાની જેમ ગોઠવાઈ જાય છે ?

* માણસને તર્કયુકત સત્ય મળવા છતાં સત્યનું ભાન ન થવા દે અને થયા પછી એના પર શ્રદ્ધા ન જામવા દે એવું તે વળી કેવું કર્મ હશે ?

* કોઈ પોતે ક્રોધથી બળતા હોય છે ને બીજાને બાળતા હોય છે, કોઇ અભિમાનથી અક્કડ બનીને જ ફરતા હોય છે, તો કોઈ વળી રાત-દિવસ માયા-પ્રપંચ અને મેલી રમતો રમવામાં જ પાવરધા હોય છે. અને કેટલાક લોભની મૂર્તિ સમા જીવનના છેડા સુધી તૃષ્ણામાં જ તરફડીયા મારતા હોય છે. આવું બધું કેમ બનતું હશે ?

* માણસ હસે છે, રડે છે, રાજી થાય છે અને ક્યારેક નારાજ થાય છે, કોઇથી એ ભયભીત થાય છે તો કોઇની ઉપર એને સૂગ ચડે છે, પુરૂષ સ્રીને જોઇને પાગલ બની જાય છે અને સ્રી પુરૂષની

પાછળ ગાંડી-ઘેલી થાય છે. આ બધું નાટક મોહ-કર્મની સમિતિના કયા કયા સભ્યો ઉભું કરે છે?

* જીવ મનુષ્ય કે દેવ થાય છે, પશુ પંખીના અવતાર પામે છે કે નીચે નરકમાં ધકેલાય છે એમાં કયું કર્મ કામ કરે છે?

* મનુષ્યમાં પણ કોઈ ઉચ્ચ કુલ – ગોત્રમાં જન્મે ને કોઈ નીચ (હલકા) કુલ-ગોત્રમાં જન્મે એવું કેમ થતું હશે?

* પ્રાણીઓને ઈન્દ્રિયો, શરીર, અંગોપાંગ, આકૃતિ, શરીરનું બંધારણ, રૂપ, ગંધ, સ્પર્શ અને ચાલ વગેરે પણ જાતજાતની ને ભાતભાતની મળે છે. પૃથ્વી-પાણી-અગ્નિ વગેરેનાં નિર્માણ પાછળ જીવતત્ત્વ અને કર્મ કેવી રીતે કામ કરે છે? એમાં કયાં કયાં કર્મો કેવી રીતે ભાગ ભજવે છે?

* કંઠ સારો અથવા બેસૂરો મળે, લોકપ્રિયતા પ્રાપ્ત થાય, યશ:કીર્તિ ફેલાય યા અપયશ ફેલાય, માન-સન્માન મળે કે અપમાન અને તિરસ્કાર થાય એ બધામાં કયા કર્મનાં જુદા જુદા નિયમો કામ કરે છે?

* કોઇને ઘણું મથવા છતાં ઋદ્ધિ-સિદ્ધિ પ્રાપ્ત નથી થતી, કોઇને પ્રાપ્ત થવા છતાં એ પોતે એનો ભોગ-ઉપભોગ કરી શકતો નથી કે બીજાને દઈ શકતો નથી, કોઇ સાવ શક્તિ-સામર્થ્યહીન હોય છે ને કોઇ મહાન પરાક્રમી, વીર્યવાન, સામર્થ્યશાળી બને છે. આ બધી વિચિત્રતાઓ કેમ સર્જાતી હશે?

* કર્મના ૧૫૮ પેટા ભેદોમાંથી કયા કયા ભેદોની ભેદ ભરી રમત આની પાછળ રમાઇ રહેલી છે ?

* ૧૫૮ માંથી સારૂં ફળ આપનારી (પુણ્યકર્મની) જાતો કેટલી ? અને ખરાબ ફળ આપનારી (પાપકર્મની) જાતો કેટલી ?

* સારૂં કે ખોટું કર્મ બંધાયા પછી એનું તરત ફળ આપે કે વ્હેલું મોડું ? આ જન્મમાં કે જન્માંતરમાં ?

* જ્યાં સુધી કર્મ ઉદયમાં આવીને ફળ ન આપે ત્યાં સુધી એ કયાં ને કેવી રીતે પડયું રહેતું હશે ?

* જાણે અજાણ્યે પણ કર્મ બંધાઈ ગયા પછી જ્યાં સુધી (એ ઉદયમાં આવી) ફળ ન આપે, તે પહેલાં એમાં કાંઈ ફેરફાર થઈ શકે ખરો ?

* અશુભ કર્મને શુભકર્મ રૂપે અને શુભકર્મને અશુભકર્મ રૂપે પલટાવી શકાય ખરાં ? એ પ્રક્રિયાને શું કહેવાય ? એ શી રીતે થાય ?

* કર્મની શક્તિ (રસ)માં વધારો કે ઘટાડો આત્મા કરી શકે ખરો ? એની સ્થિતિ-કાળમાં વધારો ઘટાડો થાય ખરો ?

* કર્મ બંધાયા પછી એને ઉદયમાં આવવાનો જે કાળ હોય, તે પહેલાં એને ઉદયમાં લાવી શકાય ખરાં ?

* જે કર્મનું ફળ આત્માને અવશ્ય ભોગવવું પડે તે કર્મ કેવા કહેવાય ?

* આત્માને કર્મના આ પ્રપંચમાંથી મુક્ત થવું હોય તો થઈ શકે ખરો ? આત્મા કર્મને આધીન છે કે કર્મ આત્માને આધીન છે ?
* આત્મા ઉપર કર્મનું (મોહનું) શાસન ક્યાં સુધી રહે ? અને કર્મ (મોહ) ઉપર આત્માનું શાસન ક્યારથી સ્થપાય ?
* કર્મનું બળ ઘટાડતા જવાની અને આત્માનું બળ વધારતા જવાની કઇ કઈ પ્રક્રિયાઓ છે ?
* જેમને કર્મની કોઈ પણ પરાધીનતા નથી રહી એવા સર્વતંત્રસ્વતંત્ર આત્માઓ છે ખરાં ?
* અનંતજ્ઞાની, અનંતદર્શન સંપન્ન, સહજસુખના સાગર, નિર્મોહી, અજરામર, અનંત–અમૂર્ત અવગાહનાવાળા, અખૂટ શક્તિસંપન્ન એ આત્માઓના જેવા થતાં પહેલાં સાધનાના કયાં કયાં પગથિયાઓ પસાર કરવા પડે ?

આવા તો સેંકડો અને હજારો સૂક્ષ્માતિસૂક્ષ્મ પ્રશ્નોની છણાવટ વ્યવસ્થિત રીતે અને વૈજ્ઞાનિક પદ્ધતિએ જૈનદર્શનના અદ્‌ભુત કર્મવાદમાં કરવામાં આવી છે. ઉપર કહ્યા તેવા લગભગ સર્વને લાગુ પડતા પ્રશ્નોના જવાબ જેમ જૈનદર્શનના કર્મવાદમાંથી આપણને મળે છે. તેમ વિશ્વવર્તિ કોઈ પણ વ્યકિતવિશેષ કે પ્રસંગવિશેષને અનુલક્ષીને પુછાયેલા પ્રશ્નો, દા. ત.

* શું અમેરિકાના સદ્‌ગત પ્રેસીડેન્ટ કેનેડીના ખૂન પાછળ કોઈ કર્મના અણુઓએ જ ભાગ ભજવ્યો હશે ?

* શું 'પીટર હરકોસ' ના વિશિષ્ટજ્ઞાનની પાછળ પણ આજના વૈજ્ઞાનિકોને ન સમજાતું કર્મની બાદબાકીનું જ કોઈ ગણિત કામ કરતું હશે ?
* શું લંડનની બે જોડીયા બહેનો—જોઆના અને જેકવેલીનના પૂર્વજન્મના સ્મરણની ચકચાર ભરી વાતો પાછળ પણ આ કર્મની જ કોઈ રહસ્યભરી પ્રક્રિયા છુપાયેલી છે ?
* ભારતના લાડીલા નેતા લાલબહાદૂર શાસ્ત્રીના મૃત્યુને એકાએક તાણી લાવનાર પણ આ કર્મની રજકણો જ હશે ?
* વિશ્વમાં 'રાક્ષસી ભેજા' વાળા માનવ તરીકે પંકાયેલા મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઇનના મગજના ૨૦ અબજ સેલ્સકની વ્યવસ્થિત રચના કરનાર આ કર્મશિલ્પી જ હશે ?

આવા બધાય પ્રશ્નોનો ઉત્તર પણ કર્મવાદ પોતાની પદ્ધતિએ ચોકકસ સિદ્ધાંતોને આધારે આપે જ છે.

જેમ ૧૨ ગ્રહોનાં ગણિતથી વિશ્વની દરેક વ્યક્તિનું ભાવિ ભાખી શકાય છે.

જેમ બાયોકેમીક ૧૨ દવામાં વિશ્વનાં તમામ જાતના રોગોના નિવારણની તાકાત માનવામાં આવે છે.

જેમ अ-आ-इ-ई વગેરે ૪૬ અક્ષરોમાં વિશ્વમાનવના કોઈપણ વિચારને વ્યકત કરવાનું સામર્થ્ય છે.

તેમ જૈનદર્શને બતાવેલી કર્માણુઓની આ ૧૫૮ (પ્રકૃતિઓમાં) જાતોમાં વિશ્વના કોઇપણ સ્પંદન, કોઇ પણ

આંદોલન, કોઇ પણ ભીષણ સંગ્રામ, કે કોઈના પણ સુખ-દુઃખની કથાનું, અરે ! સમગ્રવિશ્વનાં સમગ્રતન્ત્રના સંચાલનનું રહસ્ય છુપાયેલું છે.

શુભાશુભકર્મોની શક્તિઓના એ વિજ્ઞાનને, એ શકિતઓ ઉત્પન્ન થવાના કારણોને અને એ શક્તિઓનું વિસર્જન કરવાની પ્રક્રિયાને જો બરોબર સમજવામાં આવે, સ્વીકારવામાં આવે અને એ મુજબ પ્રયોગ કરવામાં આવે તો વિશ્વનું પ્રત્યેક પ્રાણી પોતાના આગામી જન્મ-જન્માન્તરોનું પોતે ધારે તેવું સર્જન કરી શકે.

જૈનદર્શનકારોએ કર્મવાદનું વૈજ્ઞાનિક નિરૂપણ કરીનેજ સંતોષ માણ્યો નથી પણ કર્મસત્તાના રાક્ષસી બળને પણ હતપ્રહત કરી નાંખે, ફૂંક મારીને હવામાં ઉડાડી દે એવી ધર્મસત્તાનું પણ ખુબ હૃદયંગમ નિરૂપણ કર્યું છે. કેવાં કેવાં નાના મોટા કારણોથી કયા કયા કર્મ બંધાય અને બરાબર એની સામે કેવા પ્રતિસ્પર્ધી ઉપાયોથી એને-અટકાવી શકાય એનું પણ મહાવિજ્ઞાન દર્શાવ્યું છે.

કર્મસ્વભાવની સામે આત્મસ્વભાવની એટલે કે કર્મતત્વની સામે ધર્મતત્વની અદ્ભુત શકિતઓ પણ કેવી કેવી છે ? એને કેવીરીતે પ્રગટાવી શકાય ? એનો ક્યાં કેવો ઉપયોગ કરીને કર્મસત્તા ઉપર વિજય મેળવીને જીવ શિવસ્વરૂપ બની શકે, માનવ દાનવ ન બનતાં મહામાનવ બની શકે, ઇન્સાન હેવાન ન થતાં ભગવાન બની શકે, એનું સચોટ પ્રતિપાદન ભગવાન મહાવીરપરમાત્મા વિશ્વના કલ્યાણ કાજે સરળ અને સુંદર રીતે કરી ગયા છે.

આજે પણ એનું તલસ્પર્શી જ્ઞાન ધરાવનારા જ્ઞાની અને અનુભવી વિદ્વાનો જૈનસંઘમાં વિદ્યમાન છે એ આપણું મહાન સદ્ભાગ્ય ગણાય.

વર્તમાનમાં જિનશાસનદિવાકર જૈનસંઘશણગાર, લગભગ અઢીસો (૨૫૦) વિદ્વાન અને સંયમી મુનિવરોના પરમગુરૂ, કર્મસાહિત્યનિષ્ણાત સંયમ–ત્યાગ–તપોમૂર્તિ પરમજ્યોતિર્ધર વયોવૃદ્ધ આચાર્ય ભગવંત શ્રીમદ્ **વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા** આ વિષયના સર્વોચ્ચ વિદ્વાન ગણાય છે. તેઓશ્રીજીનાં માર્ગદર્શન અને પ્રેરણા મુજબ તેઓશ્રીના વિદ્વાન અને વિનીત શિષ્યમંડલદ્વારા સંસ્કૃત-પ્રાકૃતભાષામાં કર્મસાહિત્યના નવસર્જનનું જે મહાન કાર્ય ચાલી રહ્યું છે. ભારતના સુપ્રસિદ્ધ જૈનઆગેવાનોની બનેલી 'ભારતીય પ્રાચ્ય તત્વ પ્રકાશન સમિતિ' એ તેનું મુદ્રણ અને પ્રકાશન કરવાનું નક્કી કર્યું છે. છપાઈને તૈયાર થઈ ગયેલા કર્મસાહિત્યના પ્રથમ બે ગ્રન્થોનું પ્રકાશન ભવ્ય રીતે વિ. સ. ૨૦૨૨ના ચાતુર્માસમાં પર્યુષણ મહાપર્વ પછી અમદાવાદમાં થવાનું છે.

તે પ્રસંગે જનતાને કર્મવાદની વ્યાપકતાનો કાંઈક ખ્યાલ આવે તે માટે હિંદુધર્મ, બૌદ્ધધર્મ અને જૈનધર્મના સુપ્રસિદ્ધ ગ્રન્થોમાંથી ચુંટીને કર્મવાદ વિષયક સુભાષિતોનો આ નાનકડો સંગ્રહ તૈયાર કરવામાં આવ્યો છે. આશા છે કે કોઈપણ ધર્મના અનુયાયીને આ સંગ્રહ આત્મ-પુરૂષાર્થમાં પ્રેરક બનશે.

—મુનિ કીર્તિચન્દ્ર વિજય

## કર્મના સિદ્ધાંત અંગે ડૉ. મૅક્સમૂલરનો અભિપ્રાય

કર્મના સિદ્ધાંતની શ્રેષ્ઠતા દર્શાવતા જે વિચારો ડૉ. મેક્સમૂલરે દર્શાવ્યા છે તે જાણવા જેવા છે. તેઓ કહે છે કે—

"એ તો નિશ્ચિત છે કે કર્મના સિદ્ધાંતનો પ્રભાવ માનવજીવન ઉપર બેહદ પડ્યો છે. જો માનવી એ જાણે કે વર્તમાન જીવનમાં કોઈ જાતનો અપરાધ કર્યા વિના પણ મારે જે કાંઈ દુઃખ વેઠવું પડે છે એ મારા પૂર્વજન્મના કર્મનું જ ફળ છે, તો એ, જૂનું દેવું ચૂકવનાર માનવીની જેમ, શાંતપણે એ સંકટને સહન કરી લેશે; અને સાથે સાથે જો એ માનવી એટલું પણ જાણતો હોય કે સહનશીલતાથી જૂનું દેવું ચૂકતે કરી શકાય છે, તથા એથી જ ભવિષ્યને માટે ધર્મની મૂડી ભેગી કરી શકાય છે, તો એને ભલાઈને માર્ગે ચાલવાની પ્રેરણા આપોઆપ જ મળી જવાની. સારું કે ખરાબ, કોઈપણ જાતનું કર્મ નાશ નથી પામતું. ધર્મશાસ્ત્રનો આ સિદ્ધાંત અને ભૌતિકશાસ્ત્રનો બલ-સંરક્ષણ સંબંધી સિદ્ધાંત, એ બંને એકસરખા છે. બંને સિદ્ધાંતોનો સાર એટલો જ છે કે કોઈનો પણ નાશ નથી થતો. કોઈપણ ધર્મશિક્ષણના અસ્તિત્વ વિષે ગમે તેટલી શંકા કેમ ન હોય, પણ એટલું તો સુનિશ્ચિત છે કે કર્મનો સિદ્ધાંત સૌથી વધારે સ્થાનોમાં સ્વીકારવામાં આવ્યો છે. એનાથી લાખો માનવીનાં કષ્ટો ઓછાં થયાં છે અને એ જ સિદ્ધાંતને લીધે માનવીને વર્તમાન સંકટ સહન કરવાની શક્તિ પેદા કરવાનું તથા ભવિષ્યનું જીવન સુધારવાનું ઉત્તેજન મળતું રહ્યું છે."

★

## પ્રકરણ ૨ જું

# હિંદુધર્મમાં કર્મવાદ

卐

[ આ પ્રકરણમાં હિંદુધર્મના ઉપનિષદો, પુરાણો, સ્મૃતિઓ તથા ભગવદ્ગીતા, મહાભારત. રામાયણ, શ્રીમદ્ભાગવત અને શ્રીદેવી ભાગવત જેવા અનેક સુપ્રસિદ્ધ ગ્રન્થોમાંથી ચૂંટેલા કર્મ વિષયક થોડા ઉલ્લેખો ગુજરાતી અનુવાદ સાથે આપવામાં આવ્યા છે ]

## मूलपाठ

यथाकारी यथाचारी तथा भवति ।
साधुकारी साधुर्भवति, पापकारी पापो भवति ।
पुण्यः पुण्येन कर्मणा भवति पापः पापेन ।
अथो खल्वाहुः काममय एवायं पुरुष इति ।
स यथाकामो भवति तत्क्रतुर्भवति, यत्क्रतुर्भवति
तत्कर्म कुरुते, यत्कर्म कुरुते तदभिसंपद्यते ।

बृहदारण्यकोपनिषद्[१]. ४।४।५।

गुणान्वयो यः फलकर्मकर्ता, कृतस्य तस्यैव स चोपभोक्ता ।

—श्वेताश्वतरोपनिषद्. ५।७।

कर्मानुगान्यनुक्रमेण देहो, स्थानेषु रुपाण्यभि संप्रपद्यते ।

—श्वेताश्वतरोपनिषद्. ५।११।

अथैकयोर्ध्व उदानः पुण्येन पुण्यं लोकं नयति ।
पापेन पापमुभयाभ्यामेव मनुष्यलोकम् ॥

—प्रश्नोपनिषद्. ३।७।

चित्तस्य हि प्रसादेन हन्ति कर्म शुभाशुभम् ।
प्रसन्नात्माऽऽत्मनि स्थित्वा, सुखमव्ययमश्नुते ॥

—मैत्रायण्युपनिषद्. ६।३०।

---

૧. અહીં ઉપનિષદોનાં જે પાઠો આપ્યા છે તે ઉપનિષદો અને તેનાં ભાષ્યોનાં સંગ્રહરૂપે મોટા મોટા ચાર ભાગમાં પ્રકાશિત થયેલ 'धर्मकोश'ના આધારે આપ્યા છે.

## ગુજરાતી-ભાવાર્થ

જે જેવું કામ કરે છે ને જેવું આચરણ રાખે છે. તેવો બને છે. સારૂં કામ કરનારો સારો બને છે, ખરાબ કામ કરનારો ખરાબ બને છે. **પુણ્યકર્મથી** માણુસ પુણ્યશાલી બને છે. અને **પાપકર્મથી** પાપી-પુણ્યહીન બને તેથીજ કહ્યું છે કે માણુસ કામનાઓનો બનેલો છે. જેવી તેની કામના હોય તેવો તે નિશ્ચય કરે છે. જેવો નિશ્ચય કરે છે, તેવું કામ-કર્મ કરે છે, જેવું કામ-કર્મ કરે છે. તેવું તે ફળ મેળવે છે. —બૃહદારણ્યક ઉપનિષદ્. ૪/૪/૫

ગુણયુક્ત જે જીવ તે શુભાશુભ ફલોને આપનાર **કર્મોનો** કર્તા છે. અને પોતે કરેલાં **કર્મોનો** ભોક્તા પણ તે જ છે. —શ્વેતાશ્વતર ઉપનિષદ્ ૫/૭

કાયાની કોટડીમાં બંધાયેલો આ દેહી- આત્મા **કર્મને** અનુસારે પ્રાપ્ત થતાં રૂપોને-શરીરોને જુદા જુદા સ્થાનોમાં અનુભવે છે. —શ્વેતાશ્વતર ઉપનિષદ્ ૫/૧૧

ઉદાન પ્રાણ જીવને પુણ્યવડે-શુભકર્મવડે પુણ્ય લોકમાં-દેવલોકમાં લઈ જાય છે, પાપવડે-અશુભકર્મ વડે પાપીઓના લોકમાં-નરકમાં, અને બન્ને વડે મનુષ્યલોકમાં લઇ જાય છે. —પ્રશ્ન ઉપનિષદ્ ૩/૭

ચિત્તના પ્રસાદથી (ચિત્તની રાગદ્વેષરહિત દશાવડે) તે **શુભાશુભ કર્મોનો** નાશ કરે છે, અને સહજાનન્દી એવો તે આત્મા પોતાના આત્મસ્વરૂપમાં જ સ્થિર થઇને અવિનાશી સુખને અનુભવે છે. (૧)

—મૈત્રાયણી ઉપનિષદ્ ૬/૩૦

# मूलपाठ

प्रज्ञात्माऽऽनन्दोऽजरोऽमृतः ।
न साधुना कर्मणा भूयान् नो एवासाधुना कनीयान् ॥
—कौषीतक्युपनिषद्. ३।८

यथैधांसि समिद्धोऽग्नि-र्भस्मसात्कुरुतेऽर्जुनः ।
ज्ञानाग्निः सर्व कर्माणि, भस्मसात्कुरुते तथा ॥
—भगवद् गीता[1], अ ४, श्लो. ३७

ब्रह्मा येन कुलालवन्नियमितो ब्रह्माण्डभाण्डोदरे ।
विष्णुर्येन दशावतारगहने क्षिप्तो महासङ्कटे ॥
रुद्रो येन कपालपाणिपुटके भिक्षाटनं सेवते ।
सूर्यो भ्राम्यति नित्यमेव गगने तस्मै नमः कर्मणे ॥
—भर्तृहरिकृत नीतिशतक, श्लो. ९२

यथा पृथिव्यां बीजानि, अन्नानि च धनानि च ।
तथैवात्मनि कर्माणि, तिष्ठन्ति भरतर्षभ !
—इतिहाससमुच्चय, अ. २, श्लो. ६७ ।

किं करोति नरः प्राज्ञः, प्रेर्यमाणः स्वकर्मणा ।
प्रागेव हि मनुष्याणां, बुद्धिः कर्मानुसारिणी ॥
—इतिहाससमुच्चय, अ. १, श्लो. १३०

---

૧ તિલકકૃત કર્મયોગવાળું સંસ્કરણ.

જ્ઞાનસ્વરૂપી આત્મા આનન્દમય, અજર અને અમર છે. (એવો એ સિદ્ધાત્મા) શુભકર્મથી–પુણ્યથી વધતો નથી અને અશુભકર્મથી–પાપથી ઘટતો નથી (અર્થાત્ સિદ્ધો પુણ્યકર્મ અને પાપકર્મના ઉદયથી પર હોય છે.)

—કૌષીતકી ઉપનિષદ્ ૩/૮

કૃષ્ણ બોલ્યા : હે અર્જુન! જેમ ભડભડતો અગ્નિ લાકડાને ભસ્મીભૂત કરી નાખે છે, તેમ જ્ઞાનરૂપ અગ્નિ સર્વકર્મોને ભસ્મીભૂત કરી નાખે છે.

—ભગવદ્ ગીતા. અ૦ ૪, શ્લો૦ ૩૭

જે કર્મે બ્રહ્માને કુંભારની જેમ આ બ્રહ્માંડરૂપી ભાંડમાં સ્થાપ્યો છે. જેણે વિષ્ણુને દશ અવતારના અતિગહન અને મહાન સંકટમાં નાંખેલ છે. જેણે મહાદેવને હાથમાં કપાલ (ફૂટેલા ઘડાનો અડધો ભાગ) સહિત ભિક્ષાટન કરાવ્યું છે અને જેના પ્રભાવે સૂર્ય નિરંતર આકાશમાં ભ્રમણ કરે છે. તે કર્મને નમસ્કાર હો!

ભર્તૃહરિકૃત નીતિશતક શ્લો. ૯૨

હે ભરત રાજા! જે રીતે પૃથ્વીમાં બીજ, અન્ન અને ધન રહેલાં છે. તેમ આત્માને વિષે કર્મો રહેલાં છે.

—ઇતિહાસ સમુચ્ચય, અ૦ ૨ શ્લો૦ ૬૭.

પોતાનાં પૂર્વકૃત કર્મોથી પ્રેરાતો હોવાથી ડાહ્યો માણસ પણ શું કરે? મનુષ્યોને (ઉદયમાં આવનાર શુભાશુભ) કર્મને અનુસારે તેવી બુદ્ધિ પહેલાથી જ ઉત્પન્ન થાય છે.

—ઈતિહાસસમુચ્ચય, અ૦ ૧, શ્લો૦ ૧૩૦

# मूलपाठ

शुभाशुभफलं कर्म, मनो–वाग्–देहसम्भवम् ।
कर्मजा गतयो नृणा–मुत्तमाधममध्यमाः ॥

—मनुस्मृति, अध्याय १२, श्लोक ३[1] ।

शुभैः प्रयोगैर्देवत्वं, व्यामिश्रैर्मानुषो भवेत् ।
अशुभैः केवलैश्चेव, तिर्यग्योनिषु जायते ॥

—मनुस्मृति, अध्याय १२, श्लोक १० ।

यां यां योनिं तु जीवोऽयं, येन येनेह कर्मणा ।
क्रमशो याति लोकेऽस्मि–स्तत्तत्सर्वं निबोधत ॥

—मनुस्मृति, अध्याय १२, श्लोक ५३ ।

यादृशेन तु भावेन, यद्यत्कर्म निषेवते ।
तादृशेन शरीरेण, तत्तत्फलमुपाश्नुते ॥

—मनुस्मृति, अध्याय १२, श्लोक ८१ ।

अन्त्यपक्षिस्थावरतां, मनोवाक्कायकर्मजैः ।
दोषैः प्रयाति जीवोऽयं, भवयोनिशतेषु च ॥

—याज्ञवल्क्यस्मृति, अध्याय ३, श्लो. १३० ।

---

१. સસ્તું સાહિત્ય કાર્યાલય, અમદાવાદ દ્વારા પ્રકાશિત સંસ્કરણ.

મન-વચન અને કાયાથી શુભ કે અશુભ ફળ આપનારૂં કર્મ ઉત્પન્ન થાય છે અને તે કર્મ પ્રમાણે મનુષ્યોની ઉત્તમ, મધ્યમ કે અધમ ગતિ થાય છે.

—મનુસ્મૃતિ ૧૨/૩

શુભ કર્મયોગથી પ્રાણી દેવપણું મેળવે છે. મિશ્ર કર્મયોગથી તે મનુષ્ય તરીકે જન્મે છે. અને કેવળ અશુભકર્મના યોગથી તે તિર્યંચ (પશુ-પક્ષી) યોનિઓમાં ઉત્પન્ન થાય છે —મનુસ્મૃતિ ૧૨/૧૦

જીવ આ સંસારમાં જે જે કર્મથી જે જે યોનિને ક્રમશઃ પામે છે. તે તે સર્વ સાંભળો.

—મનુસ્મૃતિ ૧૨/૫૩

પછી શ્લોક ૫૪ થી ૮૦ સુધી કેવા કેવા શુભાશુભકર્મોનાં ફળરૂપે જીવ કેવી કેવી યોનિઓમાં ઉત્પન્ન થાય છે. તેનું વર્ણન છે.)

જેવા જેવા ભાવથી જીવ જેવું જેવું કર્મ કરે છે. તેવું તેવું શરીર પામીને તે તે કર્મોનું ફળ ભોગવે છે.

—મનુસ્મૃતિ. ૧૨/૮૧

મન વચન અને કાયાના કર્મજન્ય દોષોથી જીવ નરક તિર્યંચ (પશુ-પક્ષી) અને સ્થાવર (પૃથ્વી-પાણી-વનસ્પતિ વગેરે)ની યોનિમાં સેંકડો ભવો સુધી ભમે છે.

—યાજ્ઞવાલ્કયસ્મૃતિ ૩/૧૩૦[૧]

---

૧. પછી શ્લોક ૧૩૩ માં નરકગતિગમનનાં કારણો, શ્લોક ૧૩૪ માં તિર્યંચગતિગમનનાં કારણો, અને શ્લોક ૧૩૫ માં સ્થાવર યોનિમાં જવાનાં કારણો વર્ણવ્યાં છે.

# मूलपाठ

कर्मणा बध्यते जन्तुः, विद्यया च विमुच्यते ।
तस्मात् कर्म न कुर्वन्ति, यतयः पारदर्शिनः ॥

—कूर्मपुराण, स्कन्ध ९, अ. ८, श्लो. ५३ ।

कर्मवश्याः गुणाश्चैते, सत्त्वाद्याः पृथिवीपते ।
अविद्यासञ्चितं कर्म, तच्चाशेषेषु जन्तुषु ॥

—विष्णु पुराणे[१], अंश २, त्रयोदशोऽध्यायः, श्लोकः ७०.

पुमान् स्त्री गौरजो वाजी, कुञ्जरो विहगस्तरुः ।
देहेषु लोक संज्ञेयं, विज्ञेया कर्महेतुषु ॥

पुमान् देवो न नरो, न पशुर्न च पादपः ।
शरीराकृतिभेदास्तु, भूपैते कर्मयोनयः ॥

—विष्णु पुराणे, अंश २, अध्या. १३, श्लो. ९७-९८.

यश्चैतद् भुवनगतं मया तवोक्तम् ।
सर्वत्र व्रजति हि तत्र कर्मवश्यः ॥

—विष्णु पुराणे, अंश २, अध्याय १२, श्लो. ४७.

यदा तु शुद्धं निजरूपि सर्वम्, कर्मक्षये ज्ञानमपास्तदोषम् ।
तदा हि सङ्कल्पतरोः फलानि, भवन्ति नो वस्तुषु वस्तुभेदाः ॥

—विष्णु पुराणे, अंश २, अध्याय १२, श्लो ४०.

---

१. ગીતા પ્રેસ ગોરખપુર દ્વારા પ્રકાશિત સંસ્કરણ.

પ્રાણી કર્મથી બંધાય છે અને વિદ્યાથી મુક્ત થાય છે માટે પારદર્શી યોગી પુરૂષો કર્મ (બંધ થાય એમ) કરતા નથી.

—કૂર્મપુરાણ સ્કન્ધ ૯, અ૦ ૮, શ્લો. ૫૩

હે ! પૃથિવીપતિ, આ સત્ત્વાદિ ગુણો પણ કર્મોને વશીભૂત છે. અને અવિદ્યાથી સંચિત કરેલા તે કર્મ બધા જીવોમાં છે.

—વિષ્ણુપુરાણ, અંશ ૨ જો, અધ્યાય ૧૨ મો, શ્લોક ૭૦

પુરૂષ, સ્ત્રી, ગાય, બકરો, ઘોડો, હાથી પક્ષી અને વૃક્ષ, આદિ લૌકિકસંજ્ઞાઓ કર્મના કારણે પ્રાપ્ત થયેલા શરીરોમાં જ સમજવી જોઈએ.

હે રાજન્ ! આત્મા ન તો દેવ છે, ન મનુષ્ય છે. ન પશુ કે ન વૃક્ષ છે છતાં (દેખાય છે તે) આ ભેદો તો કર્મજન્ય શરીરાકૃતિઓનાં છે.

—વિષ્ણુપુરાણ અંશ ૨, અધ્યાય ૧૩, શ્લો. ૯૭-૯૮

મેં તને જે ત્રિભુવનગત લોકોનું વર્ણન કહ્યું તેમાં કર્મને વશ થયેલો જીવ સર્વત્ર ભટકે છે.

—વિષ્ણુપુરાણ, અંશ ૨, અધ્યા. ૧૨, શ્લો. ૪૭

જ્યારે જીવ આત્મજ્ઞાનદ્વારા દોષરહિત થઈને કર્મનો સંપૂર્ણ ક્ષય થયે છતે પોતાના શુદ્ધસ્વરૂપમાં સ્થિત થઈ જાય છે. ત્યારે વસ્તુમાં (આત્મામાં) સંકલ્પવૃક્ષના ફલરૂપ પદાર્થભેદોની પ્રાપ્તિ થતી નથી.

—વિષ્ણુપુરાણ, અંશ ૨, અધ્યાય ૧૨, શ્લો. ૪૦

## मूलपाठ

यथा छायातपौ नित्यं, सम्बद्धौ च परस्परम् ।
तद्वत्कर्म च कर्ता च, सुसम्बद्धौ परस्परम् ॥

ग्रहा रोगा विषाः सर्पाः, डाकिन्यो राक्षसास्तथा ।
पीडयन्ति नरं पश्चात्, पीडितं पूर्वकर्मणा ॥
—पद्मपुराणे, खंड २, अ. ८१, श्लो ५१–५२ ।

यादृशं क्रियते कर्म, तादृशं भुज्यते फलम् ।
यादृशमुप्यते बीजं, तादृशं प्राप्यते फलम् ॥

तैलक्षये यथा दीपो, निर्वाणमधिगच्छति ।
कर्मक्षयात् तथा जन्तुः, शरीरान्नाशमृच्छति ॥
—पद्मपुराणे, खंड २, अ. ८१, श्लो. ५७–५८ ।

नो मृत्तिका नैव जलं, नाप्यग्निः कर्मशोधनः ।
शोधयन्ति बुधाः कर्म, ज्ञानध्यानतपोजलैः ॥
—मत्स्यपुराणे, अ. ६८, श्लो. ११ ।

यत्कर्म पुरा विहितं, यातं जीवस्य पाकमिह किञ्चित् ।
न तदन्यथा विधातुं, कथमपि शक्रोऽपि शक्तः ॥
—सुभाषितरत्नसंदोहे, श्लो. ३४७ ।

निपानमिव मण्डूकाः, सरः पूर्णमिवाण्डजाः ।
शुभकर्माणमायान्ति, तद्वशाः सर्वसम्पदः ॥
- पंचतन्त्रे, पृष्ठ. १७. श्लो. १७.

જેમ છાયા અને તડકો સદા પરસ્પર સંબંધવાળાં છે. તેમ કર્મ અને તેનો કર્તા જીવ નિરંતર પરસ્પર જોડાયેલાં છે.

પૂર્વના અશુભકર્મોવડે પીડાતા પુરૂષને જ ગ્રહો, રોગો, વિષો, સર્પો, ડાકિનીઓ અને રાક્ષસો વગરે પીડે છે.

—પદ્મપુરાણ, ખંડ ૨, અ૦ ૮૧. શ્લો૦ ૫૧–૫૨

પ્રાણી જેવું કર્મ કરે છે. તેવું તેનું ફળ ભોગવે છે. કેમકે જેવું બીજ વવાય તેવું જ તેનું ફળ પમાય છે.

જેમ તેલ ખલાસ થઈ જવાથી દીવો બુઝાઈ જાય છે. તેમ કર્મનો ક્ષય થવાથી જીવ શરીરમાંથી નાશ પામે છે, જુદો પડે છે અર્થાત્ મોક્ષને પામે છે.

—પદ્મપુરાણ, ખંડ ૨, અ૦ ૮૧, શ્લો. ૫૭–૫૮

કર્મરૂપી મળને શુદ્ધ કરનાર, માટી નથી, પાણી નથી અને અગ્નિ પણ નથી. પરંતુ પંડિતજનો જ્ઞાન, ધ્યાન અને તપરૂપી જળવડે કર્મમળને સાફ કરે છે.

—મત્સ્યપુરાણ, અ૦ ૬૮, શ્લો૦ ૧૧

જીવે જે કર્મ પૂર્વે બાંધ્યું હોય, તે જ્યારે થોડું ઉદયમાં આવે છે. ત્યારે તેને નિષ્ફલ કરવા માટે ઇન્દ્ર પણ કોઈ રીતે શક્તિમાન નથી થતો.

—સુભાષિત રત્ન સંદોહ, શ્લો. ૩૪૭

દેડકાઓ જેમ ખાબોચિયામાં જાય છે, પક્ષીઓ જેમ જલ પૂર્ણ સરોવર તરફ જાય છે. તેમ સર્વ સમ્પત્તિઓ શુભકર્મને વશ હોવાથી શુભકર્મોદયવાળા પુરૂષને પ્રાપ્ત થાય છે.

—પંચતન્ત્ર, પૃષ્ઠ ૧૭ શ્લો. ૧૭

## मूलपाठ

शुभाशुभानि कर्माणि, स्वयं कुर्वन्ति देहिनः ।
स्वयमेवोपभुज्यन्ते, दुःखानि च सुखानि च ॥

—आध्यात्मिक रामायणे, अयोध्याकाण्डे,
अध्या. ९, श्लोकः १४ ।

कर्मणो हि प्रधानत्वं, किं कुर्वन्ति शुभा ग्रहाः ।
वसिष्ठदत्तलग्नोऽपि, रामः प्रव्रजितो वने ॥

—आध्यात्मिक रामायणे, अरण्यकाण्डे,
अध्या. ९, श्लोकः १५ ।

यदा चरति कल्याणि ! शुभं वा यदि वाऽशुभम् ।
तदेव लभते भद्रे ! कर्ता कर्मजमात्मनः ॥

—वाल्मिकीरामायणे, अयोध्याकाण्डे,
सर्ग ६३, श्लो. ६ ।

गुरुलाघवमर्थाना–मारम्भे कर्मणां फलम् ।
दोषं वा यो न जानाति, स बाल इतीहोच्यते ॥

—वाल्मिकीरामायणे, अयोध्याकाण्डे,
सर्ग ६३, श्लो. ७ ।

स्वयं कर्म करोत्यात्मा, स्वयं तत्फलमश्नुते ।
स्वयं भ्रमति संसारे, स्वयं तस्माद्विमुच्यते ।

—वृद्धचाणाक्यनीति, अ. ६, श्लो. ९.

પ્રાણીઓ પોતે જ શુભ અને અશુભ કર્મો કરે છે. અને તેના ફળરૂપે સુખ અને દુઃખ પણ પોતે જ ભોગવે છે.

—આધ્યાત્મિક રામાયણ, અયોધ્યાકાંડ અધ્યાય ૯, શ્લો. ૧૪

(જગતમાં) કર્મની જ મુખ્યતા છે. ગ્રહો કદાચ શુભ હોય તો પણ તે શું કરી શકે? કાંઈ જ નહિ. કારણ કે વસિષ્ટ મુનિએ શુભ લગ્ન-મુહૂર્ત આપ્યું હતું છતાં રામને વનમાં જવું પડયું.

—આધ્યાત્મિક રામાયણ અરણ્ય કાંડ, અધ્યા૦ ૯, શ્લો. ૧૫

હે કલ્યાણિ! આ જગતમાં જે મનુષ્ય શુભ અથવા અશુભ જેવાં કર્મ કરે છે, તે પોતાનાં કર્મોથી ઉત્પન્ન થયેલું તેવું જ સારૂં કે ખરાબ ફળ ભોગવે છે.

—વાલ્મિકી રામાયણ અયોધ્યા કાંડ, સર્ગ ૬૩ મો, શ્લો. ૬

જે મનુષ્ય આ લોકસંબંધી અથવા પરલોક સંબંધી કર્મોનો આરંભ કરતી વખતે તેના નાના-મોટા કે શુભાશુભ ફળનો અને ગુણ-દોષનો વિચાર કરતો નથી તે બાલ એટલે કે અજ્ઞાન કહેવાય છે.

—વાલ્મીકિ રામાયણ અયોધ્યા કાંડ, સર્ગ ૬૩ મો, શ્લો. ૭

આત્મા પોતે જ કર્મ કરે છે અને પોતે જ તે કર્મનું ફળ ભોગવે છે. આત્મા પોતે જ સંસારમાં ભ્રમણ કરે છે. અને પોતે જ તે સંસારથી મુક્ત પણ થાય છે.

—વૃદ્ધચાણાકયનીતિ, અ૦ ૬, શ્લો૦ ૯

## मूलपाठ

कर्माणि कर्मभिः कुर्वन्, सनिमित्तानि देहभृत् ।
तत्तत्कर्मफलं गृह्णन्, भ्रमतीह सुखेतरम् ॥
—श्रीमद् भागवते, स्कंध ११, अध्या. ३, श्लो. ६।

एवं लोकं परं विद्यान्नश्वरं कर्मनिर्मितम् ।
—श्रीमद् भागवते, स्कंध ११, अध्या. ३, श्लो. २०।

कर्माणि दुःखोदर्काणि, कुर्वन् देहेन तैः पुनः ।
देहमाभजते तत्र, किं सुखं मर्त्यधर्मिणः ॥
—श्रीमद् भागवते, स्कंध ११, अध्या. १०, श्लो. २९

सत्वसङ्गादृषीन् देवान्, रजसासुरमानुषान् ।
तमसा भूततिर्यक्त्वं, भ्रामितो याति कर्मभिः ॥

—श्रीमद्[1] भागवते, स्कंध ११, अध्या. २०, श्लो. ५१.

एवं पूर्वकृतं कर्म, नित्यं जन्तुः प्रपद्यते ।
सर्वं तत्कारणं, येन विकृतोऽयमिहागतः ॥

[2]—श्री महाभारते, आश्वमेधिकपर्वणि,
अध्याय १८, श्लो. २३.

(૧) ગીતાપ્રેસ ગોરખપુર દ્વારા પ્રકાશિત સંસ્કરણ.
(૨) ,, ,, હીન્દી અનુવાદ સહિત ૬ ભાગોમાં પ્રકાશિત સંસ્કરણ.

કર્મોથી કર્મોને ઉત્પન્ન કરતો અને તે તે કર્મોનાં શુભાશુભ ફળોને ભોગવતો આ દેહધારી જીવ સંસારમાં ભમ્યા કરે છે.

—શ્રીમદ્ ભાગવત, સ્કંધ ૧૧, અ. ૩, શ્લો. ૬

આ રીતે આ લોક અને પરલોકને (આ લોક અને પરલોકનાં સુખ દુઃખોને) નશ્વર અને કર્મ નિર્મિત થયેલા જાણે, —શ્રીમદ્ ભાગવત, સ્કંધ ૧૧, અ. ૩, શ્લો. ૨૭

દુઃખ જ જેનું પરિણામ છે. એવા કર્મોને આ દેહથી કરતો મનુષ્ય ફરી પણ તે કર્મોને લીધે દેહને ધારણ કરે છે. અર્થાત્ જન્મ–મરણ વધારે છે. તો પછી મરણધર્મી એવા તેને કર્મો કરવામાં સુખ શું?

—શ્રીભાગવત સ્કંધ ૧૧/અ. ૧૦/શ્લો. ૨૯

કર્મોએ ભમાવેલો જીવ સત્વગુણના સંગથી દેવપણાને પામે છે. રજો ગુણના સંગથી અસુરપણાને તથા મનુષ્યપણાને પામે છે. અને તમોગુણના સંગથી ભૂતપણાને અથવા પશુ–પક્ષીપણાને પામે છે.

—શ્રીમદ્ ભાગવત, સ્કંધ ૧૧, અ૦ ૨૦, શ્લો૦ ૫૧

આ પ્રમાણે જીવ સદા પોતાના પૂર્વજન્મોમાં કરેલાં કર્મોનું ફળ ભોગવે છે. આ આત્મા નિર્વિકાર બ્રહ્મ સ્વરૂપ હોવા છતાં આ કર્મને કારણે જ વિકૃત થયેલો આ સંસારમાં જન્મ–મરણ પામે છે.

—શ્રી મહાભારત, આશ્વમેધિકપર્વ, અ૦ ૧૮, શ્લો૦ ૨૩

# मूलपाठ

आयुषोऽन्ते प्रहायेदं, क्षीणप्रायं कलेवरम् ।
सम्भवत्येव युगपद्, योनौ नास्त्यन्तराभवः ॥

तत्रास्य स्वकृतं कर्म, छायेवानुगतं सदा ।
फलत्यथ सुखार्हो वा, दुःखार्हो वाथ जायते ॥

—श्रीमहाभारते, वनपर्वणि, अध्याय २३०, श्लो, ७७ ७८

यथा धेनु सहस्रेषु वत्सो विन्दति मातरम् ।
तथा पूर्वकृतं कर्म, कर्तारमनुगच्छति ॥

-श्रीमहाभारते, शान्तिपर्वणि, अध्या. १८१, श्लो. १६.

कर्मभिः पार्थ ! नानात्वं, लोकानां यान्ति मानवाः ।
पुण्यान् पुण्यकृतो यान्ति, पापान् पापकृतो नराः ॥

—श्रीमहाभारते, अनुशासनपर्वणि, अध्या. १०२, श्लो. २.

केवलं ग्रहनक्षत्रं, न करोति शुभाशुभम् ।
सर्वमात्मकृतं कर्म, लोकवादो ग्रहा इति ॥

—श्रीमहाभारते, अनुशासनपर्वणि, (भाग ६, पृष्ठ ५९७२)

वीतरागाः विमुच्यन्ते, पुरुषाः कर्मबन्धनैः ॥
कर्मणा मनसा वाचा, ये न हिंसन्ति किंचन ॥

—श्रीमहाभारते, अनुशासनपर्वणि, अध्या. १४४, श्लो ७.

આયુષ્ય પુરૂં થયે જરાજીર્ણ થઈ ગયેલા આ શરીરને છોડીને જીવ તુરત બીજી યોનિમાં ઉત્પન્ન થાય છે. વચમાં આંતરૂં પડતું નથી. ત્યાં બીજી યોનિમાં (ભવમાં) પણ એના પૂર્વે કરેલાં શુભાશુભ કર્મો પડછાયાની જેમ સાથે જ હોય છે. અને સમય આવે પોતાનું ફળ બતાવે છે. એથી જીવ સુખી કે દુ:ખી થાય છે.

—મહાભારત, વનપર્વ, અધ્યા૦ ૨૩૦, શ્લો૦ ૭૭–૭૮

જેમ વાછરડું હજારો ગાયોમાંથી પોતાની માને ઓળખીને એને અનુસરે છે તેમ પૂર્વકૃત કર્મપણ તેના કર્તાને જ અનુસરે છે.

—મહાભારત, શાન્તિપર્વ, અધ્યા૦ ૧૮૧, શ્લો૦ ૧૬

ભીષ્મ બોલ્યા : હે પાર્થ ! મનુષ્યો પોતાના કર્મોને અનુસારે ભિન્ન ભિન્ન લોકમાં જાય છે. પુણ્યકર્મ કરનારા પુણ્યલોકમાં (સદ્‌ગતિમાં) જાય છે. અને અશુભકર્મ કરનારા પાપલોકમાં (દુર્ગતિમાં) જાય છે.

—મહાભારત, અનુશાસનપર્વ, અધ્યા૦ ૧૨, શ્લો૦ ૨

કેવળ ગ્રહ કે નક્ષત્ર શુભ કે અશુભ નથી કરતા, પરંતુ આત્માએ પોતે પૂર્વે કરેલાં શુભાશુભ કર્મો જ શુભ કે અશુભ કરે છે. ગ્રહો કરે છે એ કથન તો લોકનો પ્રવાદ માત્ર છે.

—મહાભારત, અનુશાસનપર્વ. (ભાગ ૬ પૃષ્ઠ ૫૯૭૨)

જે વીતરાગ પુરૂષો મનથી વચનથી અને કાયાથી કોઈની પણ હિંસા કરતા નથી તે કર્મોનાં બન્ધનથી મુક્ત થઈ જાય છે.—મહા. અનુશાસનપર્વ,અધ્યા૦ ૧૧૪, શ્લો૦ ૭

નોંધઃ—હિંદુ ધર્મના સુપ્રસિદ્ધ ધર્મગ્રન્થ મહાભારતમાંથી તથા શ્રીમદ્દભગવતિ ભાગવતમાંથી કર્મવાદને લગતા અનેક સુભાષિતો નોંધીને તૈયાર રાખેલા પરંતુ સ્થળ સંકોચને કારણે અહીં બધા આપી શકાયા નથી. તેથી એ સુભાષિતો કયા કયા સ્થળે છે. તેની ટૂંક નોંધ નીચે આપી છે. વિશેષ જિજ્ઞાસુઓએ તે પ્રમાણે સ્વયં જોઈ લેવું.

## ( i ) महाभारत

**ભાગ બીજો** **वनपर्व** :–અધ્યાય ૨૩૦, શ્લોક ૫૯, ૬૦, ૭૪, ૭૫, ૭૭, ૭૮,
અધ્યાય ૨૦૭, શ્લોક ૮૫. અધ્યાય ૨૦૮, શ્લોક ૧૦, ૧૧.
અધ્યાય ૨૦૯, શ્લોક ૫, ૬, ૧૪, ૨૧, ૨૨, ૨૪, અને ૨૭ થી ૪૧.

**ભાગ ૫મો** **शान्तिपर्व** :– અધ્યાય ૧૮૧, શ્લોક ૮ થી ૧૬ અધ્યાય ૩૨૧, શ્લોક ૫૦ થી ૫૩, અને ૫૮, ૫૯, ૭૯, ૮૯, ૯૦, ૯૧. અધ્યાય ૩૨૨ શ્લોક ૮ થી ૧૬.

**ભાગ ૬ ઠ્ઠો** **अनुशासनपर्व** :– અધ્યાય ૬ શ્લોક ૫ થી ૧૦ અધ્યાય ૧૦૨, શ્લોક ૨ અધ્યાય ૧૪૪, શ્લોક ૭, ૮, ૩૮, ૪૨, ૪૩, અને ૪૮ થી ૫૮ અધ્યાય ૧૪૫, પૃષ્ઠ ૫૯૫૯, થી ૫૯૭૬.

**आश्वमेधिकपर्व** :– અધ્યાય ૧૭, શ્લોક ૩૦, ૩૫ થી ૪૨. અધ્યાય ૧૮, શ્લોક ૧ થી ૫, ૧૨, ૧૩, ૨૩, ઇત્યાદિ.

## ( ii ) श्रीमद्भगवति भागवत

**चतुर्थ स्कंध** :– અધ્યાય ૨જો, શ્લોક ૨ થી ૧૯ અને ૩૪, ૩૫.

**षष्ठ स्कंध** :– અધ્યાય ૧૦ મો, શ્લોક ૬ થી ૨૨ અને ૩૪ થી ૪૧.

**सप्तम स्कंध** :– અધ્યાય ૩૪ મો, શ્લોક ૩, ૪, ૧૦.

**नवम स्कंध** :– અધ્યાય ૨૯ મો, શ્લોક ૧૨ થી ૨૧ અને ૬૯, ૭૦.

પ્રકરણ ૩ જું

# બૌદ્ધધર્મમાં કર્મવાદ

卐

[ આ પ્રકરણમાં सुत्तनिपात, धम्मपद, मिलिन्द पञ्हो, विशुद्धिमग्गो અને आभिधर्म कोष જેવા બૌદ્ધધર્મના સુપ્રસિદ્ધ ગ્રન્થોમાંથી કર્મવાદ વિષે મળતાં કેટલાક ઉલ્લેખો ચૂંટીને મૂળપાઠ તથા ગુજરાતી અનુવાદ સાથે આપવામાં આવ્યા છે.]

## मूलपाठ

न अन्तलिक्खे न समुद्दमज्झे, न पब्बतानं विवरं पविस्स ।
न विज्जती सो जगतिप्पदेसो, यत्रट्ठितो मुञ्चेय्य पापकम्मा ॥
१
—धम्मपद, ९ पापवग्ग, गाथा १२.

गब्भमेके उप्पज्जन्ति, निरयं पापकम्मिनो ।
सग्गं सुगतिनो यन्ति, परिनिब्बन्ति अनासवा ॥
—धम्मपद, ९ पापवग्ग, गाथा ११.

अयसा व मलं समुट्ठितं, तदुट्ठाय तमेव खादति ।
एवं अतिधोनचारिनं, सानि कम्मानि नयन्ति दुग्गतिं ॥
—धम्मपद, १८ मलवग्गो, गाथा ६.

चिरप्पवासिं पुरिसं, दूरतो सोत्थिमागतं ।
ञातिमित्ता सुहज्जा च, अभिनन्दति आगतं ॥

तथेव कतपुञ्ञं पि, अस्मा लोका परं गतं ।
पुञ्ञानि पटिगण्हन्ति, पियं ञाती व आगतं ॥
—धम्मपद, १६ पियवग्गो, गाथा ११-१२.

---

૧ ધર્માનંદ કૌશામ્બી દ્વારા સંપાદિત સંસ્કરણ

ઉંચે આકાશમાં સમુદ્રનાં પેટાળમાં કે પર્વતોની ગુફાઓમાં, અરે! જગતમાં ક્યાંયે કોઇ પણ પ્રદેશ એવો નથી કે જ્યાં પેસીને–છુપાઇને જીવ પોતે કરેલાં પાપ-કર્મોથી છૂટી શકે.... બચી શકે. (અર્થાત્ કરેલાં કર્મોનું ફળ ભોગવવું જ પડે છે.)

—ધર્મપદ, ૯ મો પાપવર્ગ, ગાથા ૧૨

કેટલા પાપકર્મીઓ ગર્ભમાં ઉત્પન્ન થાય છે. કેટલાક નરકમાં ઉત્પન્ન થાય છે. અને સદ્‌ગતિવાળા (પુણ્યકર્મી) સ્વર્ગમાં જાય છે. તથા આશ્રવ ( કર્મ–આગમનના દ્વાર ) વિનાનાં નિર્વાણને પામે છે.

—ધર્મપદ, ૯ મો પાપવર્ગ, ગાથા. ૧૧

જેમ લોઢામાં ઉત્પન્ન થયેલો મેલ (કાટ) તેમાંથી ઉત્પન્ન થઈને તેને જ ખાય છે. એવી રીતે શુદ્ધિનું–પવિત્રતાનું ઉલ્લંઘન કરનાર જીવને એનાં તે દુષ્કર્મો જ દુર્ગતિમાં લઈ જાય છે.

—ધર્મપદ, ૧૮ મો મલવર્ગ, ગાથા. ૯

ચિર પ્રવાસમાંથી દૂરથી હેમખેમ પાછા આવેલા પુરૂષને જેમ સગા–સમ્બન્ધિઓ મિત્રો અને સુહૃદો અભિનન્દે છે–આવકારે છે તેવી જ રીતે આ લોકમાં પુણ્યકર્મ કરીને પરલોકમાં ગયેલા પુરૂષને તેના પુણ્યકર્મો સગાં–સંબંધિઓની જેમ પ્રિય કરે છે. સ્વાગત કરે છે.

—ધર્મપદ, ૧૬ મો પ્રિયવર્ગ ગાથા ૧૧, ૧૨

## मूलपाठ

(१) राजा आह--भन्ते नागसेन, यानि'मानि पञ्चायतनानि किं नु तानि नानाकम्मेहि निब्बत्तानि उदाहु एकेन कम्मेना'ति ।

नानाकम्मेहि महाराज निब्बत्तानि, न एकेन कम्मेना'ति ।

ओपम्मं करोही'ति ।

तं किं मञ्ञसि महाराज एकस्मिं खेत्ते नानाबीजानि वप्पेयुं । तेसं नानाबीजानं नानाफलानि निब्बत्तेय्युं'ति ।

आम भन्ते निब्बत्तेय्युं'ति ।

एवमेव' खो महाराज यानि तानि पञ्चायतनानि तानि तानि नानाकम्मेहि निब्बत्तानि न एकेन कम्मेना'ति।

कल्लो'सि भन्ते नागसेना'ति ॥१॥

—मिलिन्द पञ्हो[१]. पृष्ठ ६८, (iii) विमतिच्छेदनपञ्हो.

---

१ આ ગ્રન્થ પાલી ભાષામાં લખાયેલો છે. બૌદ્ધ સાહિત્યમાં એ ત્રિપિટકની જેમ અત્યંત પ્રામાણિક ગ્રન્થ ગણાય છે. ઇતિહાસવેત્તાઓની માન્યતા મુજબ ઈસાની પૂર્વે ૧૫૦ વર્ષ પહેલાં થયેલો ગ્રીક રાજા મિલિન્દ (**मिनाण्डर**) એ ઉત્તર ભારતનું શાસન ચલાવનાર પ્રતાપી રાજા હતો. એ રાજા મિલિન્દે બૌદ્ધ સ્થવિર ભદન્ત નાગસેનને પૂછેલા પ્રશ્નો અને એના મળેલા ઉત્તરો આ ગ્રન્થમાં સંગ્રહાયેલા હોવાથી આ ગ્રથનું નામ મિલિન્દપ્રશ્ન (**मिलिन्दपञ्हो**) રાખવામાં આવ્યું છે.

(૧) રાજા બોલ્યો–"ભન્તે નાગસેન! જે આ પાંચ આયતન (આંખ, કાન, નાક, જીભ અને ચામડી) છે, તે શું જુદા જુદા કર્મોના ફળ રૂપે બનેલ છે કે એક જ કર્મના ફળથી છે?

રાજન્! જુદા જુદા કર્મોના ફળથી. એક કર્મના ફળથી નહિં.

કૃપા કરી ઉપમા આપી સમજાવો.

રાજન્! કોઈ માણસ એક જ ખેતરમાં જુદી જુદી જાતના બીજ વાવે, તો શું એ અનેક બીજોના ફળ પણ અનેક જાતના ન આવે ?

હા ભન્તે! અનેક પ્રકારના બીજોના ફળ પણ અનેક જાતના આવશે.

રાજન્! એ જ રીતે જે આ પાંચ આયતન છે. તે જુદા જુદા કર્મોનું ફળ છે. એક જ કર્મનાં નહિ.

ભન્તે નાગસેન! આપે ઠીક કહ્યું.

—મિલિન્દ[૧] પ્રશ્ન, ૩ જો પરિચ્છેદ વિમતિછેદનપ્રશ્ન

૧. મિલિન્દ પ્રશ્ન મૂળ પાલીપાઠોનો ગુજરાતી અનુવાદ બૌદ્ધ-ભિક્ષુ જગદીશ કાસ્યપ (M. A.) કૃત હીન્દી અનુવાદને સામે રાખીને કર્યો છે.

## मूलपाठ

राजा आह—भन्ते नागसेन, केन कारणेन मनुस्सा न सब्बे समका, अञ्ञे अप्पायुका, अञ्ञे दीघायुका, अञ्ञे बव्हाबाधा, अञ्ञे अप्पाबाधा, अञ्ञे दुब्बण्णा, वण्णवन्तो, अञ्ञे अप्पेसक्खा, अञ्ञे महेसक्खा, अञ्ञे अप्पभोगा, अञ्ञे महाभोगा, अञ्ञे नीचकुलीना, अञ्ञे महाकुलीना, अञ्ञे अप्पञ्ञा, अञ्ञे पञ्ञवन्तो'ति ।

थेरो आह—किस्स पन महाराज रुक्खा न सब्बे समका, अञ्ञे अम्बिला, अञ्ञे लवणा, अञ्ञे तित्तका, लञ्ञे कटुका, अञ्ञे कसावा, अञ्ञे मधुरा'ति ।

राजा आह—मञ्ञामि भन्ते बीजानं नानाकरणेना'ति।

थेरो आह—एवमे'व खो महाराज कम्मानं नानाकरणेन मनुस्सा न सब्बे समका, अञ्ञे अप्पायुका, अञ्ञे दीघायुका, अञ्ञे बव्हाबाधा, अञ्ञे अप्पाबाधा, अञ्ञे दुब्बण्णा, अञ्ञे वण्णवन्तो, अञ्ञे अप्पेसक्खा, अञ्ञे महेसक्खा, अञ्ञे अप्पभोगा, अञ्ञे महाभोगा, अञ्ञा नीचकुलीना, अञ्ञे महाकुलीना, अञ्ञे अप्पञ्ञा, अञ्ञे पञ्ञावन्तो ।

—मिलिन्द पञ्हो[१], पृष्ठ ६८, (iii) विमतिच्छेदनपञ्हो.

(૧) બોમ્બે યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત સંસ્કરણ.

રાજા બોલ્યો–હે ભગવંત! કયા કારણથી બધા મનુષ્યો એક જ સરખા નથી હોતા? કોઈ ઓછા આયુષ્ય વાળા, કોઈ દીર્ઘાયુષ્ય વાળા, કોઈ અત્યંત રોગી, કોઈ નિરોગી કોઈ કુરૂપ, કોઈ રૂપવાન, કોઈ પ્રભાવહીન, કોઈ અત્યંત પ્રભાવશાળી, કોઈ અલ્પ સુખી, કોઈ મહા સુખી, કોઈ હીનકુલ વાળા, કોઈ ઉચ્ચ કુળવાળા, કોઈ મૂર્ખ અને કોઇ બુદ્ધિશાળી કેવી રીતે થાય છે?

સ્થવિર બોલ્યા–રાજન્! શા કારણે સર્વ વનસ્પતિઓ એક સરખી નથી હોતી? કોઈ ખાટી, કોઈ ખારી, કોઈ તીખી, કોઈ કડવી, કોઈ તૂરી અને કોઇ મધુર કેમ હોય છે?

રાજા બોલ્યો–ભગવંત! હું તો એમ સમજું છું કે બીજ જુદી જુદી જાતના હોવાથી વનસ્પતિઓ પણ ભિન્ન ભિન્ન રસવાળી બને છે.

સ્થવિર બોલ્યા–રાજન્! એ જ રીતે દરેક મનુષ્યના પોતપોતના કર્મ જુદા જુદા હોવાથી તે બધા એક સરખા નથી હોતા કોઈ અલ્પાયુષી કોઇ દીર્ઘાયુષી, કોઈ રોગી કોઇ નિરોગી, કોઈ બેડોળ કોઈ સુંદર, કોઈ પ્રભા-વહીન, કોઇ પ્રભાવશાળી, કોઈ ગરીબ કોઈ ધનવાન, કોઈ નીચકુલોપન્ન, કોઈ ઉચ્ચ કુલોત્પન્ન, કોઇ મૂર્ખ અને કોઇ હોંશીયાર બને છે.

—મિલિન્દ પ્રશ્ન, ૩ જો પરિચ્છેદ વિમતિછેદનપ્રશ્ન

## मूलपाठ

भासितं पेत महाराज भगवता–कम्मस्सका माणव सत्ता, कम्मदायादा, कम्मयोनी, कम्मबन्धू, कम्मपटिसरणा, कम्मं सत्ते विभजति, यदि'दं हीनपणीत ताया'ति।

कल्लो'सि भन्ते नागसेना'ति ॥२॥

—मिलिन्द पञ्हो, पृष्ठ ६९, (iii) विमतिच्छेदनपञ्हो.

(१६) राजा आह––भन्ते नागसेन इमिना नामरूपेण कम्मं कतं कुसलं वा अकुसलं वा, कुहिं तानि कम्मानि तिट्ठन्ती'ति।

(थेरो आह)––अनुबन्धेय्युं खो महाराज तानि कम्मानि छायाव' अनपायिनी'ति।

(राजा आह)—सक्कानि पन भन्ते तानि कम्मानि दस्सेतुं इध वा इध वा तानि कम्मानि तिट्ठन्ती'ति।

(थेरो आह)––न सक्का महाराज तानि कम्मानि दस्सेतुं इध वा इध वा तानि कम्मानि तिट्ठन्ती'ति।

—मिलिन्द पञ्हो, पृष्ठ ७५, (iii) विमतिच्छेदनपञ्हो.

इत एकनवतिकल्पे, शक्त्या मे पुरुषो हतः।
तेन कर्मविपाकेन, पादे विद्धोऽस्मि भिक्षवः।

—बुद्धवचन-कर्मसिद्धि पृ. २. गणधरवाद प्रस्तावना पृ. ९८

રાજન્! (બુદ્ધ) ભગવાને પણ કહ્યું છે કે–હે માનવ!! બધા જીવો પોતપોતાના (શુભાશુભ) કર્મોના ફળને ભોગવે છે. જીવ પોતાના કર્મોનો પોતે જ માલિક છે. પોતાના કર્મોને અનુસારે જ તે જુદી જુદી યોનિમાં ઉત્પન્ન થાય છે. પોતાનું કર્મ એ જ બન્ધુ છે. પોતાના કર્મ એ જ શરણ છે. કર્મથી જ લોકો ઉચ્ચ અને નીચ બને છે.

રાજા બોલ્યો–ભન્તે નાગસેન! આપે ઠીક કહ્યું ॥૨॥

—મિલિન્દપ્રશ્ન ૩ જો પરિચ્છેદ–વિમતિછેદનપ્રશ્ન.

(૧૬) રાજા બોલ્યો–ભન્તે નાગસેન! જ્યારે એક નામ–રૂપ (જીવ) દ્વારા સારા કે ખોટા જે શુભાશુભ કર્મો (ભેગા) કરાય છે. તે કર્મો કયાં રહે છે?

સ્થવિર બોલ્યા–રાજન્! શરીરનો પીછો નહિં છોડનારી છાયા–પડછાયાની જેમ એ કર્મો પણ (એનો) પીછો છોડતા નથી–અનુસરણ કરે છે.

રાજા બોલ્યો–શું તે કર્મો (આંખોથી) જોઈ શકાય છે કે આ કર્મો અહીં અથવા ત્યાં રહેલા છે?

સ્થવિર બોલ્યા– રાજન્! તે કર્મો આ રીતે જોઈ શકાતા નથી. અર્થાત્ અદૃશ્યપણે તે કર્મ આત્મા પર રહેલા છે. —મિલિન્દ પ્રશ્ન. ૩ જો પરિચ્છેદવિમતિ છેદનપ્રશ્ન.

( બુદ્ધ પોતાના શિષ્યોને કહે છે–) હે ભિક્ષુઓ! આજથી એકાણુંમાં કલ્પમાં (ભૂતકાળમાં) મેં મારી શક્તિથી પુરૂષને માર્યો હતો એ (વખતે બાંધેલા) કર્મના વિપાકને લીધે આજે મારો પગ વિંધાયો છે. —બુદ્ધ વચન

## मूलपाठ

कम्मना वत्तती लोको, कम्मना वत्तती पजा ।
कम्मनिबंधनासत्ता, रथस्साणीव यायतो ॥

—बौद्ध आगम, सुत्तनिपात,[१]
३ महावग्ग, ९ वासेट्ठसुत्त श्लो. ६०.

एवमेतं यथाभूतं, कम्मं पस्सन्ति पण्डिता ।
पटिच्चसमुप्पाददसा, कम्मविपाककोविदा ॥
—बौद्ध आगम, सुत्तनिपात,
३ महावग्ग, ९ वासेट्ठसुत्त, श्लो. ५९.

एवं कम्मे विपाके च वत्तमाने सहेतुके ।
बीजरुक्खादिकानं व पुब्बा कोटि न नायति ॥

—विसुद्धिमग्गो.[२] (पृ. ४२६) १९।२०.

कम्मा विपाका वत्तन्ति, विपाको कम्मसंभवो ।
कम्मा पुनब्भवो होति, एवं लोको पवत्तती'ति ॥
—विसुद्धिमग्गो. (पृष्ठ ४२६) १९।१८.

(૧) બૌદ્ધ ધર્મના મૂલ ધર્મગ્રન્થો પાલી ભાષામાં છે. જે ત્રિપિટક તરીકે ઓળખાય છે. એમાં ૧લા 'सुत्तपिटक'ના પાંચમા 'खुद्दकनिकाय' વિભાગનો આ પાંચમો ગ્રન્થ છે.

(૨) ભારતીય વિદ્યાભવન દ્વારા પ્રકાશિત સંસ્કરણ.

## ગુજરાતી ભાવાર્થ

કર્મથી જગત્ ચાલે છે. પ્રાણીઓ કર્મથી જીવે છે ચાલતો રથ જેમ ધરી પર અવલંબે છે. તેમ પ્રાણીઓ કર્મ ઉપર અવલંબે છે. —બૌદ્ધઆગમ–સુત્તનિપાત.

(ગુજરાત વિદ્યાપીઠથી પ્રકાશિત પં. ધર્માનન્દ કોસમ્બી કૃત અનુવાદ પૃષ્ઠ. ૧૩૯)

પ્રતીત્ય સમુત્પાદ (કાર્ય કારણની[1] પરંપરા) જાણનારા અને કર્મફળ જાણવામાં કુશળ પંડિતો આ રીતે યથાર્થપણે કર્મ જુએ છે, —બૌદ્ધ આગમ–સુત્તનિપાત.

(પં. ધર્માનન્દ કોસમ્બી કૃત અનુવાદ, પૃ. ૧૩૯)

આ પ્રમાણે કર્મ અને તેનો વિપાક (ફળ) પોત-પોતાના હેતુને લઈને થાય છે. એમાં પહેલું કોણ અને પછી કોણ તે બીજ અને વૃક્ષની જેમ કદી કહી શકાતું નથી એટલે કે કર્મ અને તેનો વિપાક એ બન્ને પરસ્પર એક દ્વારા બીજું.... એમ અનાદિકાળથી ચાલ્યાં કરે છે.

—વિશુદ્ધિમાર્ગ[2] ૧૯/૨૦

કર્મો અને એના વિપાકો (શુભાશુભ ફળો) છે, વિપાક (સુખ દુઃખ) કર્મથી ઉત્પન્ન થનારા છે. અને કર્મથી જ પુનર્ભવ (પુનર્જન્મ) થાય છે. આમ આ જગત્‌ની ઘટમાળ ચાલ્યા કરે છે. —વિશુદ્ધિ માર્ગ ૧૯/૧

(૧) જુઓ પં. ધ. કૌસમ્બીકૃત અનુવાદનું પૃષ્ઠ ૨૫૮.
(૨) બુદ્ધઘોષાચાર્ય વિરચિત પાલીભાષાનો સુપ્રસિદ્ધ ગ્રન્થ

# मूलपाठ

(१) कर्मजं लोकवैचित्र्यम् ।

—अभिधर्म कोश, ४ कर्मनिर्देशः, कारिका[१] १ ।

कर्माणि हि कुशलाऽकुशलादीनि भवन्ति, तेभ्य एव लोके वस्तूनामुत्पादः, इत्थं हेतुवैचित्र्यात् फलवैचित्र्यम् ।

—अभिधर्म कोशस्य नालन्दिकाख्या वृत्तिः, पृष्ठ ८५।

(२) कृतकर्मणां शुभाऽशुभफलं नास्तीति दृष्टिः (= दर्शनं) मिथ्यादृष्टिः ।

—अभिधर्म-कोश नालन्दिका[२] वृत्तिः, पृष्ठ ११२।

## ગુજરાતી-ભાવાર્થ

(૧) આ જગતની વિચિત્રતા કર્મથી ઉત્પન્ન થયેલી છે.

—અભિધર્મ કોશ, ૪થો કર્મનિર્દેશ, કારિકા ૧.

શુભ, અશુભ વગેરે જુદી જુદી જાતના કર્મો હોય છે. તે કર્મો વડે જ (કર્મને અનુસારે જ) લોકમાં પદાર્થોની રચના થાય છે. આમ હેતુમાં-કર્મોમાં વિચિત્રતા હોવાથી ફલોમાં-કાર્યોમાં પણ વિચિત્રતા દેખાય છે.

—અભિધર્મ કોશની નાલન્દિકા ટીકા, પૃષ્ઠ ૮૫.

(૨) કરેલા શુભાશુભ કર્મોનું શુભાશુભ ફલ નથી મળતું એવી જે દૃષ્ટિ તે મિથ્યા દૃષ્ટિ છે.

—અભિધર્મ કોશની નાલન્દિકા વૃત્તિ, પૃષ્ઠ ૧૧૨.

---

૧ આ મૂલ ગ્રન્થ સુપ્રસિદ્ધ બૌદ્ધાચાર્ય 'वसुबन्धु' દ્વારા રચાયો છે.

૨ અભિધર્મ કોશની આ નવી વૃત્તિ વીશમી સદીના સુપ્રસિદ્ધ બૌદ્ધ વિદ્વાન 'राहुल सांकृत्यायन' ત્રિપિટકાચાર્યે બનાવી છે. અને તે મૂલ સાથે સંપાદિત કરીને કાશી વિદ્યાપીઠથી પ્રકાશિત કરી છે.

## પ્રકરણ ૪થું

●

# જૈન ધર્મમાં કર્મવાદ

[ જૈનદર્શનનું કર્મસાહિત્ય તો ઘણું ઘણું વિશાળ અને ગહન છે. પરંતુ આ પ્રકરણમાં તો સહુ કોઈને સમજાય એવા થોડા પાઠો, જૈનધર્મના અતિપવિત્ર અને મૌલિક સાહિત્ય તરીકે ગણાતાં, **श्री उत्तराध्ययनसूत्र, श्री आचारांगसूत्र, श्री सूयडांगसूत्र, श्री ठाणांगसूत्र, श्री भगवतीसूत्र,** જેવા સુપ્રસિદ્ધ આગમગ્રન્થોમાંથી તથા વાચકવર્ય શ્રી ઉમાસ્વાતિજી, આચાર્યવર્ય શ્રી હરિભદ્રસૂરીશ્વરજી, શ્રીમદ્ હેમચન્દ્રાચાર્યજી તથા તાર્કિકશિરોમણી ઉપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજ જેવા મહાર્ષિઓના કેટલાક ગ્રન્થોમાંથી ચૂંટીને ગુજરાતી ભાવાનુવાદ સાથે આપવામાં આવ્યા છે.]

## मूलपाठ

कहं णं भंते! जीवा गरुयत्तं वा लहुयत्तं वा हव्वमा· गच्छंति?

गोयमा! से जहानामए केइ पुरिसे एगं महं सुक्कतुंबं निच्छिद्दं निरुवहयं दब्भेहि य कुसेहि य वेढेइ २ मट्टियालेवेणं लिंपइ २ उण्हे दलयइ २ सुक्कं समाणं दोच्चंपि दब्भेहि य कुसेहि य वेढेइ २ मट्टिया लेवेणं लिंपइ २ उण्हे दलयइ २ सुक्के समाणे तच्चंपि दब्भेहि य कुसेहि य वेढेइ मट्टियालेवेणं लिंपइ। एवं खलु एएणं उवाएणं सत्तरतं वेढेमाणे अंतरा लिप्पमाणे अंतरा सुक्कावेमाणे जाव अट्ठहिं मट्टियालेवेहिं आलिंपइ २ अत्थाहमतारमपोरिसियंसि उदगंसि पक्खिवेज्जा से नूणं गोयमा! से तुंबे तेसिं अट्ठण्हं मट्टियालेवेणं गरुययाए भारियाए उप्पिं सलिलमइवइत्ता अहे धरणियलपइट्ठाणे भवइ। एवामेव गोयमा! जीवावि पाणाइवाएणं जाव मिच्छादंसणसल्लेणं अणुपुव्वेणं अट्ठकम्मपगडीओ समज्जिणित्ता तासिं गरुययाए भारिययाए एवामेव कालमासे कालं किच्चा धरणियलमइवइत्ता अहे नरगतलपइट्ठाणा भवंति।......

तं चेव तव्विमुक्कं, जलोवरिं ठाइ जायलहुभावं।
जह तह कम्मविमुक्का, लोयग्गपइट्ठिया होंति॥

—श्रीज्ञाताधर्मकथाङ्ग, श्रुत. १, अध्ययन. ६।[1]

---

१ N. V. વૈદ્ય (પુના) દ્વારા સંપાદિત સંસ્કરણનું પૃષ્ઠ ૮૩મું.

ઇન્દ્રભૂતિ ગૌતમે પૂછ્યું :– હે ભગવન્! જીવો કેવી રીતે (કર્મના ભારથી) ભારે બને છે અને કેવી રીતે (કર્મના ભારથી) હલકા બને છે?

ભગવાન બોલ્યા :– હે ગૌતમ! જેમ કોઈ પુરૂષ એક મોટા સૂકા, કાણાં વિનાના, આખા તુંબડાને દાભથી અને કુશથી વીંટે, તેના ઉપર માટીનો લેપ લગાડે, પછી તેને તડકે સૂકવે, અને પછી સૂકાયેલા એને બીજીવાર ફરી દાભ અને કુશથી વીંટે, માટીથી લીંપે અને તડકે સૂકવે, અને એ સૂકાએલાને ફરી ત્રીજી વાર એ બધું કરે. યાવત્ આ વીંટી પછી લેપી પછી સુકાવીને આઠ આઠ વાર માટીનો લેપડો લગાડેલા તે તુંબડાને અગાધ દુસ્તર અને ઉંડા પાણીમાં ફેંકે તો હે ગૌતમ! માટીના આઠ લેપોથી ભારે વજનદાર થયેલું તે તુંબડું (જેમ) પાણીને વિંધીને ઠેઠ નીચેના તળિયે જઈને બેસે છે. એવી જ રીતે હે ગૌતમ! જીવો પણ હિંસા (જૂઠ, ચોરી અનાચાર. પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ) યાવત્ મિથ્યા દર્શન રૂપ પાપોથી ક્રમશઃ **આઠ[1] કર્મ પ્રકૃતિઓને**(જ્ઞાનાવરણાદિ) (આત્મામાં) ભેગી કરીને (બાંધીને) તેના અત્યંત ભારથી (ભારે થયેલા) આયુષ્ય પૂર્ણ થયે મરણ પામીને ઠેઠ નીચે નરકાદિ–અધોગતિઓમાં જાય છે.

વળી હે ગૌતમ!–ઉપર વર્ણવેલું તે જ તુંબડું જો માટી વગેરેના લેપડા વિનાનું બની હલકું થઇ જાય તો પાછું પાણીની સપાટી ઉપર આવી જાય છે. તે જ રીતે જીવો પણ જ્યારે કર્મબંધનોના ભારથી મુક્ત થઈ જાય છે. ત્યારે (ઉંચે ચડતા તેઓ) લોકના છેડે જઈને સિદ્ધશિલા ઉપર પ્રતિષ્ઠિત થાય છે. [1]—શ્રી જ્ઞાતા૦ શ્રુ૦ ૧, અધ્ય૦ ૬

# मूलपाठ

(प्र) कति णं भंते ! कम्मपगडीओ पण्णत्ताओ ?

(उ.) गोय मा! अट्ठकम्मपगडीओ पण्णत्ताओ, तं जहा—नाणावरणिज्जं जाव अंतरायं।

—श्रीभगवतीसूत्रं[1], शतक. ८, उद्देश. १०, प्रश्न. २५।

जीवा अट्ठकम्मपगडीतो चिणिंसु वा चिणिंति वा चिणिस्संति वा, तं जहा

(१) नाणावरणिज्जं,

(२) दरिसणावरणिज्जं,

(३) वेयणिज्जं,

(४) मोहणिज्जं,

(५) आउयं,

(६) नामं,

(७) गोत्तं,

(८) अंतरातितं.

—श्रीस्थानांगसूत्रं[2], स्थान. ८, सूत्र. ५९६।

(૧) ગુજરાત વિદ્યાપીઠ દ્વારા પ્રકાશિત સંસ્કરણ. ભા. ૩, પૃ૪ ૧૨૧.

(૨) શેઠ માણેકલાલ ચુનીલાલ (નાગજી ભુદરની પોળ, અમદાવાદ) દ્વારા પ્રકાશિત પ્રત. આવૃત્તિ બીજી.

ઇન્દ્રભૂતિ ગણધરે પૂછ્યું-હે ભગવન્! કર્મપ્રકૃતિઓ કેટલી કહી છે?

મહાવીર પ્રભુ બોલ્યા- હે ગૌતમ! આઠ કર્મપ્રકૃતિઓ કહી છે. જેમકે જ્ઞાનવરણ........યાવત્ અંતરાય.

—શ્રી ભગવતીસૂત્ર, શતક ૮મું, ઉદ્દેશો ૧૦મો, પ્રશ્ન ૨૫મો.

જીવોએ કર્મની આઠ પ્રકૃતિઓનું ચયન કર્યું છે (બંધ કર્યો છે.) કરે છે. અને કરશે. તે (કર્મની મૂળ આઠ પ્રકૃતિઓ-જાતો) આ પ્રમાણે છે.

(૧) જ્ઞાનાવરણીયકર્મ (આત્માનો જ્ઞાન ગુણ ઢંકાય).
(૨) દર્શનાવરણીયકર્મ (જેનાથી આત્માનો દર્શન ગુણ આવરાય અને નિદ્રા....તંદ્રા વગેરે આવે).
(૩) વેદનીયકર્મ (જેનાથી સંસારી જીવોને સુખ દુ:ખનો અનુભવ થાય).
(૪) મોહનીયકર્મ (જેનાથી આત્મા રાગ-દ્વેષ-મોહ- અને કામ-ક્રોધાદિ ભાવોને પરવશ બનીજાય).
(૫) આયુષ્યકર્મ (જેનાથી આત્મા મનુષ્યાદિ શરીરોમાં ચોક્કસ કાળ સુધી બંધાયેલો રહે).
(૬) નામ કર્મ (જેનાથી જીવને સારી કે નરસી ગતિ જાતિ, શરીર, અંગોપાંગ, રૂપ, બાંધો, કંઠ, કીર્તિ વગેરે મળે).
(૭) ગોત્રકર્મ (જેનાથી નીચ કે ઉચ્ચકુલ પ્રાપ્ત થાય).
(૮) અંતરાયકર્મ (જેનાથી દાન-લાભ-ભોગ-ઉપભોગ વગેરેમાં વિઘ્ન આવે).

—શ્રી ઠાણુંગસૂત્ર, સ્થાન ૮, સૂત્ર ૫૯૬

## मूलपाठ

समावन्नाण संसारे, नाणा गोत्तासु जाइसु ।
कम्मा नाणाविहा कट्टु, पुढो विस्संभया पया ॥
एगया देवलोएसु, नरएसु वि एगया ।
एगया आसुरं कायं, अहाकम्मेहिं गच्छइ ॥
एगया खत्तिओ होइ, तओ चंडाल बुक्कसो ।
तओ कीड पयंगो अ, तओ कुंथु पिवीलिआ ॥
कम्मसंगेहिं संमूढा, दुक्खिआ वहुवेअणा ।
अमाणुसासु जोणीसु, विणिहम्मंति पाणिणो ॥

—श्रीउत्तराध्ययनसूत्र, अध्ययन ३, गाथा २,३,४,६।

तेणे जहा संधिमुहे गहिए, स कम्मुणा किच्चइ पावकारी ।
एवं पया पेच्च इहं च लोए, कडाण कम्माण न मुक्खु अत्थि॥
संसारमावण्ण परस्स अट्ठा, साहारणं जं च करेइ कम्मं ।
कम्मस्स ते तस्स उ वेअकाले, न बंधवा बंधवयमुवेति ॥

—श्रीउत्तराध्ययनसूत्रं, अध्ययन ४, गाथा ३, ४।

न तस्स दुक्खं विभयंति नाइओ ।
न मित्तवग्गा न सुया न बंधवा ॥
इक्को सयं पच्चणुहोइ दुक्खं ।
कत्तारमेवं अणुजाइ कम्मं ॥

—श्रीउत्तराध्ययनसूत्रं, अध्ययन १३, गाथा २३।

આ સંસારમાં જુદા જુદા ગોત્રો અને જાતિઓમાં જન્મેલા પ્રાણીઓ અનેક પ્રકારનાં કર્મો કરી (બાંધીને) વિશ્વમાં જુદે જુદે સ્થળે ઉત્પન્ન થાય છે. (૨) પૂર્વે કરેલા કર્મોને અનુસારે કોઇ વખત તે દેવલોકમાં જાય છે. ક્યારેક નરકમાં અને કયારેક અસુરનિકાયમાં પણ જાય છે. (૩) કયારેક તે ક્ષત્રિય બને છે, કયારેક ચંડાલ થાય છે અને કયારેક વર્ણસંકર તરીકે જન્મે છે. વળી કદી કીડા કે પતંગીયું બને છે. તો કદી કુંથુવારૂપે કે કીડી તરીકે જન્મે છે. (૪) આમ કર્મના સંબંધોથી મૂઢ, દુઃખી અને ઘણી વેદનાઓ પામતા જીવો અમાનુષી (નરક તિર્યંચાદિ) યોનિઓમાં પીડાયા કરે છે.

—શ્રી ઉત્તરાધ્યાન સૂત્ર અધ્યયન ગાથા ૨, ૩, ૪, ૬.

ચોરી કરતાં પકડાયેલો ચોર જેમ પોતાના કર્મથી કપાય છે. (પીડાય છે) તેમ જીવો આલોક અને પરલોકમાં પોતે બંધેલા કર્મથી જ પીડાય છે. કારણ કે કરેલાં કર્મોનું ફળ ભોગવ્યા વિના છૂટકો નથી. (૩) સંસારમાં જીવ બીજાને માટે (સ્ત્રી-પુત્રાદિ માટે) જે પાપો કરે છે. કર્મો બાંધે છે. તે કર્મોનું પરિણામ ભોગવતી વખતે બાંધવો (તે સગાઓ) સગપણ બતાવતા નથી. (અર્થાત્ કર્મોનું ફળ પોતાને એકલાને જ ભોગવવું પડે છે).

—ઉત્તરાધ્યયન સૂત્ર અ. ૪, ગાથા ૩, ૪.

મરતી વખતે તેનું દુઃખ જ્ઞાતિજનો, મિત્રો, પુત્રો કે ભાઇઓ વહેંચી લેતા નથી. પરંતુ તે એકલો જ દુઃખને અનુભવે છે. કારણ કે પૂર્વે કરેલાં કર્મો તો તેના કર્તાને જ અનુસરે છે.

—શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન ૧૩, ગાથા ૨૩,

## मूलपाठ

चिच्चा दुपयं च चउप्पयं च।
खित्तं गिहं धणं धन्नं च सव्वं ॥
सकम्मबीओ अवसो पयाइ।
परं भवं सुन्दरं पावगं वा ॥

—श्रीउत्तराध्ययनसूत्रं, अध्ययन १३, गाथा २४

नो इंदियगिज्झो अमुत्त भावा,
अमुत्त भावा वि अ होइ निच्चो।
अज्झत्थ हेउं नियय्स्स बंधो,
संसारहेउं च वयंति बंधं ॥

—उत्तराध्यनसूत्रं, अध्यन १४, गाथा १९

रागो य दोसो वि य कम्मबीयं, कम्मं च मोह प्पभवंवयंति।
कम्मं च जाईमरणस्स मूलं, दुक्खं च जाईमरणं वयंति ॥

—उत्तराध्यनसुत्रं, अध्ययन, ३२, गाथा ७

रागद्दो से य दो पावे, पावकम्मपवत्तणे।
जे भिक्खु रुंभई निच्चं, से न अच्छई मण्डले ॥

—उत्तराध्यनसुत्रं, अध्यन ३१, गाथा ३

अकम्मस्स ववहारो न विज्जइ कम्मणा उवाहि जायइ।

—श्रीआचाराङ्गसूत्रं[1], श्रुत. १, अध्य. ३, उद्दे. १।

१ જૈન સાહિત્ય સંશોધક સમિતિ (પુના) દ્વારા પ્રકાશિત સંસ્કરણ પૃ. ૧૧.

બે પગવાળા (નોકર ચાકર સ્ત્રી-પુત્ર વગેરેને) અને ચાર પગવાળા (હાથી-ઘોડા વગેરે)ને તથા ખેતર-વાડી, મહેલ, ધન-ધાન્ય વગેરે બધાને છોડીને માત્ર પોતાનાં શુભાશુભ કર્મોને સાથે લઈને જીવ એકલો સારા કે ખરાબ પરલોકમાં (પરભવમાં) જાય છે.

—ઉત્તરરાધ્યાયન સૂત્ર, અધ્યયન, ૧૩, ગાથા ૩૪

આત્મા અમૃર્ત હોવાથી (રૂપી નહિ હોવાથી) ઇંદ્રિયો વડે ગ્રહણ કરી (જોઈ કે સ્પર્શી) શકાતો નથી. વળી અરૂપી હોવાથી તે નિત્ય છે. નિત્ય એવો આત્મા અંદર રહેલા રાગ-દ્વેષ અજ્ઞાન--મોહ આદિને લીધે કર્મથી બંધાય છે અને આત્માને થતો એ કર્મબંધ જ સંસાર ભ્રમણનું કારણ છે.

—શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર, અધ્યયન ૧૪ મું ગાથા ૧૯ મી

રાગ અને દ્વેષ એ બન્ને જ કર્મના બીજ રૂપ છે. કર્મ એ (રાગ દ્વેષ રૂપ) મોહથી ઉત્પન્ન થાય છે. આ કર્મ એ જન્મ મરણનું મૂળ છે અને જન્મ મરણ એજ દુઃખનું મૂલ છે. —શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, ૩૨ મું અધ્યયન ગાથા ૭

જીવને પાપકર્મમાં પ્રવૃત્તિ કરાવનાર એવા બે પાપો છે. એક રાગ અને બીજું દ્વેષ જે ભિક્ષુ બન્નેને રોકે છે. તે આ સંસારમાં ભમતો નથી.

—શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર, અધ્યયન ૩૧ મું ગાથા ૩ જી

કર્મ વિનાનાં (કર્મથી મુક્ત થયેલા સિદ્ધ) જીવોને આ સંસારનો વ્યવહાર નથી હોતો કર્મને કારણે જ આ સંસારની ઉપાધિ થાય છે.

શ્રી આચારાંગસૂત્ર, શ્રુત ૧, અધ્ય. ૩, ઉદ્દે. ૧

जमिणं जगती पुढो जगा, कम्मेहिं लुप्पन्ति पाणिणो।
सयमेव कडेहिं गाहइ, णो तस्स मुच्चेज्जऽपुट्ठयं ॥

—श्रीसूत्रकृताङ्गसूत्रं[1], श्रुत १, अध्य. २ उद्दे. १, गाथा ४।

न कम्मुणा कम्म खवेंति बाला,
अकम्मुणा कम्म खवेंति धीरा ।
मेधाविणो लोभभयावतीता,
संतोषिणो नो पकरेंति पावं ॥

—श्रीसूत्रकृताङ्गसूत्रं, श्रुत १, अध्य. १२, गाथा १५।

तिउट्टइ उ मेहावी, जाणं लोगंसि पावगं ।
तुट्टंति पावकम्मानि, नवं कम्ममकुव्वओ ॥

—श्रीसूत्रकृताङ्गसूत्रं, श्रुत १, अध्य. १५, गाथा ६।

सुक्कमूले जहा रूक्खे, सिंचमाणो ण रोहति ।
एवं कम्मा ण रोहंति, मोहणिज्जे खयं गये ॥
जहा दड्ढाणं बीयाणं, ण जायंति पुण अंकुरा ।
कम्मबीएसु दड्ढेसु, न जायंति भवंकुरा ।

—श्रीदशाश्रुतस्कंधसूत्रं, अध्य. ५, गाथा १४–१५।

१ શ્રી ગોડીજી પાર્શ્વનાથની પેઢી (મુંબઈ) દ્વારા પ્રકાશિત સંસ્કરણ.

આ જગતમાં જે જીવો છે તે બધા પોતપોતાના કર્મોને કારણે જ સંસારમાં ભટકે છે. અને દુઃખોને અનુભવે છે. (પોતે બાંધેલા) કર્મોનું ફળ ભોગવ્યા વિના કોઈ પણ જીવ તેનાથી મુક્ત થઈ શકતો નથી.

—શ્રી સૂયગડાંગસૂત્ર, શ્રુત, ૧, અધ્ય૦ ૨, ઉદ્દે. ૧, ગાથા ૪

નવા કર્મો (પાપકાર્યો) કરવાથી (પૂર્વ સંચિત) કર્મોનો ક્ષય કરી શકતા નથી. તે જીવો બાલ એટલે કે અજ્ઞાન છે. અને જેઓ અકર્મથી (પાપાચરણના ત્યાગથી) પૂર્વકૃત કર્મોનો ક્ષય કરે છે. તે ધીર મેધાવી અને લોભ–તૃષ્ણાથી મુક્ત બનેલા સંતોષી પુરૂષો પાપકર્મ બાંધતા નથી.

—શ્રી સૂયગડાંગસૂત્ર, શ્રુત ૧, અધ્ય૦ ૧૨, ગાથા ૧૫-

કર્મનું સ્વરૂપ બરાબર જાણતા અને (કર્મબંધના કારણરૂપ પાપોના ત્યાગથી) નવાં કર્મોને નહીં બાંધતા એવા પુરૂષનાં પૂર્વકૃત પાપકર્મો નષ્ટ થઈ જાય છે. અને (હેયોપાદેયમાં વિવેકી એવો) તે મેધાવી પુરૂષ મુકત બને છે.

—શ્રી સયગડાંગસૂત્ર, શ્રુત ૧, અધ્ય. ૧૫, ગાથા ૬.

જેમ ઝાડનું મૂળ સૂકાઈ ગયા પછી પાણી સીંચવા છતાં પણ એને ફલ–ફૂલ–પત્ર વગેરે ઉગતા નથી તેવી રીતે મોહનીયકર્મ ક્ષય થયા પછી બીજા કર્મો પણ ઉગતા નથી.

જેવી રીતે બળી ગયેલા બીજમાંથી ફરી અંકુરો પ્રગટ થતો નથી તેવી જ રીતે કર્મ રૂપી બીજો એકવાર સર્વથા બળી ગયા પછી જન્મ–મરણાદિ રૂપ ભવના અંકુરાં પ્રગટ થતા નથી.

[1]—શ્રીદશાશ્રુતસ્કંધ સૂત્ર, અધ્ય. ૫, ગાથા ૧૪–૧૫

## मूलपाठ

अजयं चरमाणो उ...अजयं चिट्ठमाणो उ....
अजयं आसमाणो उ...अजयं सयमाणो उ...
अजयं भुंजमाणो उ....अजयं भासमाणो उ....
पाणभूयाइं हिंसइ ।
बंधइ पावयं कम्मं, तं से होइ कडुयं फलं ॥

कहं चरे कहं चिट्ठे, कहं मासे कहं सए ।
कहं भुंजंतो भासंतो, पावं कम्मं न बंधइ ॥

जयं चरे जयं चिट्ठे, जयमासे जयं सए ।
जयं भुंजंतो भासंतो, पावं कम्मं न बंधइ ॥

सव्व भूयप्प भूयस्स, सम्मं भूयाइ पासओ ।
पिहिआसव्वस्स दंतस्स, पावं कम्मं न बंधइ ॥

—श्रीदशवैकालिकसूत्रं[१], अध्ययन ४।

संतंमि जिणुदिट्ठे, कम्मक्खयकारणे उवायंमि ।
अप्पायत्तंमि न किं, तदिट्ठभया समुज्जेह ॥

—श्री सारसमुच्चयकुलकं[२], गाथा ३१

कम्मं दुक्खसरुवं, दुट्ठखोणुहवं च दुक्खहेउं च ।
कम्मायत्तो जीवो, न सुक्खलेसं पि पाउणइ ॥

—श्री सारमुच्चयकुलकं, गाथा २४

१. પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિ સંપાદિત સંસ્કરણ.

२. ,, ,, ,, ,, ,, 'स्वाध्यायग्रन्थ संदोह' पृ. २९७ श्री

જે મનુષ્ય કાળજીપૂર્વક (યતના પૂર્વક) નથી ચાલતો કાળજીપૂર્વક નથી ઉભો રહેતો, કાળજીપૂર્વક નથી બેસતો કાળજીપૂર્વક નથી સૂતો, કાળજીપૂર્વક નથી ખાતો અને કાળજીપૂર્વક નથી બોલતો તે જીવોની હિંસા કરે છે. હિંસક બનેલો તે **પાપકર્મ** બાંધે છે અને તેનું કડવું ફળ તેને ભોગવવું પડે છે,

(પ્ર.) તો પછી કેમ ચાલવું? કેમ ઉભા રહેવું? કેમ બેસવું? કેમ સવું? કેમ ખાવું? અને કેમ બોલવું? કે જેથી **પાપકર્મ** ન બંધાય.

(ઉ.) કાળજીપૂર્વક (જયણા પૂર્વક) ચાલવું, કાળજી પૂર્વક ઉભા રહેવું, કાળજીપૂર્વક બેસવું, કાળજીપૂર્વક સવું, કાળજીપૂર્વક ખાવું, અને કાળજીપૂર્વક બોલવું. તો જ **પાપકર્મ** ન બંધાય.

ટૂંકમાં પોતાના આત્માની સમાન બધાના આત્માને ગણનાર, જોનારા અને જિતેન્દ્રિય બની હિંસાદિ પાપકાર્યોનો ત્યાગ કરનારા મનુષ્યને **પાપકર્મ** બધાતું નથી.

—શ્રી દશવૈકાલિકસૂત્ર ૪ થું અધ્યયન.

શ્રી જિનોપદિષ્ટ કર્મક્ષય કરવાનો ઉપાય આત્માને સ્વાધીન હોવા છતાં, અને કર્મોનો ભય પ્રત્યક્ષ જોવા છતાં હે જીવ! તું તેનો ક્ષય કરવાના ઉપાયોમાં કેમ ઉદ્યમ કરતો નથી. —શ્રી સારસમુચ્ચયકુલક, ગાથા ૩૧

જીવને લાગેલું કર્મ દુઃખરૂપ છે. દુઃખનો અનુભવ કરાવનારૂં છે અને ભવિષ્યમાં નવાં દુઃખો ઉત્પન્ન કરવામાં હેતુભૂત છે. એવા કર્મોને વશ પડેલો જીવ સુખનો લેશ પણ પામી શકતો નથી. —શ્રી સારસમુચ્ચયકુલક ગાથા ૨૪

## मूलपाठ

मिथ्यादर्शनाविरतिप्रमादकषाययोगा बन्धहेतवः ॥१॥

सकषायत्वाज्जीवः कर्मणो योग्यान् पुद्गलानादत्ते ॥२॥

स बन्धः ॥३॥

प्रकृतिस्थित्यनुभावप्रदेशास्तद्विधयः ॥४॥

—श्री तत्त्वार्थाधिगमसूत्रं[1], अध्याय ८।

कम्मं च चित्तपोग्गलरूवं जीवस्सऽणाइसंबद्धं ।
मिच्छत्ताइनिमित्तं नाएणमईयकालसमं ॥

—श्रीमद् हरिभद्रसूरीशकृतं योगशतकं, श्लो. ५४।

मुत्तेणममुत्तिमओ उवघायाणुग्गहा वि जुज्जंति ।
जह विन्नाणस्स इहं मइरापाणोसहाईहिं ॥
एवमणाई एसो संबंधो कंचणोवलाणं व ।
एयाणमुवाएणं तह वि विओगो वि हवइ त्ति ॥

—श्री योगशतकं[2], श्लो. ५६–५७।

---

१ પુંજાભાઈ જૈન ગ્રન્થમાલા, ગુજરાત વિદ્યાપીઠ દ્વારા પ્રકાશિત સંસ્કરણ. તત્વાર્થ સૂત્ર એ ટુંકમાં જૈન દર્શનનો તલસ્પર્શી અભ્યાસ કરવા માટે જૈન–જૈનેતર જનતામાં સુપ્રસિદ્ધ બનેલો પાઠ્ય ગ્રન્થ છે.

૨ ગુજરાત વિદ્યાસભા દ્વારા પ્રકાશિત ઈન્દુકલા ઝવેરીના વિવેચનવાળું સંસ્કરણ.

મિથ્યાત્વ (તત્ત્વની અશ્રદ્ધા અથવા વિપરીત શ્રદ્ધા) અવિરતિ (અસંયમ) પ્રમાદ, કષાય (ક્રોધ-માન-માયા-લોભ) અને યોગ (મન, વચન અને કાયાની પ્રવૃત્તિ) એ પાંચ કર્મ બંધના હેતુઓ છે. ૧

કષાયના સંબંધથી જીવ કર્મને યોગ્ય એવા પુદ્ગલોનું ગ્રહણ કરે છે. ૨ તે બંધ કહેવાય છે. ૩.

પ્રકૃતિ, સ્થિતિ, અનુભાવ (રસ) અને પ્રદેશ એ ચાર[૧] તેના (કર્મબંધના) પ્રકારો છે. ૪ —તત્ત્વાર્થસૂત્ર, અ. ૮.

કર્મ એ વિવિધ પુદ્ગલ રૂપ છે અને જીવ સાથે અનાદિકાળથી સંલગ્ન છે. મિથ્યાત્વ વગેરે દોષો એનાં (કર્મ-બંધના) કારણો છે અને યુક્તિ કે દૃષ્ટાંતથી તે ભૂતકાલ તુલ્ય છે.

—શ્રીમદ્ હરિભદ્ર સૂરીશ્વરજી કૃત યોગશતક, શ્લો. ૫૪.

જેમ મદિરા, ઔષધ વગેરે દ્વારા વિજ્ઞાનને (જ્ઞાનસ્વરૂપી આત્માને) ઉપઘાત-અનુગ્રહ (સારી કે ખોટી અસર) થાય છે. તેમ મૂર્ત કર્મ દ્વારા અમૂર્ત આત્મા ઉપર પણ ઉપઘાત-અનુગ્રહ ઘટી શકે છે.

આ રીતે આ બન્નેનો (અર્થાત્ આત્મા અને કર્મનો) સંબંધ સુવર્ણ અને મૃત્તિકા (માટી)ની જેમ અનાદિ છે. છતાં યે ઉપાય કરવા દ્વારા એ બેનો વિયોગ પણ થઈ શકે છે.

—યોગશતક, શ્લોક ૫૬-૫૭.

---

૧ પ્રકૃતિબંધ એટલે તે તે કર્મનો સ્વભાવ નક્કી થવો. સ્થિતિબંધ એટલે આત્મા જોડે તે તે કર્મને બંધાઈ રહેવાનો સમય નક્કી થવો, રસબંધ એટલે તેનો પાવર (તીવ્રતા-મંદતા) નક્કી થવો અને પ્રદેશબંધ એટલે તે કર્માણુઓનું પ્રમાણ નક્કી થવું.

मृल्लेपसंगनिर्मोक्षा–द्यथा दृष्टाऽप्स्वलाबुनः ।
कर्मसंगविनिर्मोक्षा– त्तथा सिद्धगतिः स्मृता ॥
एरण्डफलबीजादे–र्बन्धच्छेदाद्यथा गतिः ।
कर्मबन्धनविच्छेदात्–सिद्धस्यापि तथेक्ष्यते ॥

—गुणस्थानक्रमारोह[1], श्लो. १२२, १२३।

अनन्तं केवलज्ञानं ज्ञानावरणसंक्षयात् ।
अनन्तं दर्शनं चैव दर्शनावरणक्षयात् ॥
शुद्धसम्यक्त्वचारित्रे क्षायिके मोहनिग्रहात् ।
अनन्ते सुखवीर्ये च वेद्यविघ्नक्षयात्क्रमात् ॥
आयुषः क्षीणभावत्वात् सिद्धानामक्षया स्थितिः ।
नामगोत्रक्षयादेवाऽ–मूर्त्ताऽनन्ताऽवगाहना ॥

—गुणस्थानक्रमारोह, श्लो. १३०, १३१, १३२।

समग्रलोकाकाशेऽपि नानारूपैः स्वकर्मतः ।
वालाग्रमपि तन्नास्ति यन्न स्पृष्टं शरीरिभिः ॥
एक उत्पद्यते जन्तुरेक एव विपद्यते ।
कर्माण्यनुभवत्येकः प्रचितानि भवान्तरे ॥

—श्रीमद् हेमचन्द्राचार्यकृतं योगशास्त्रं[2], प्रकाश ४,
श्लो. ६७, ६८।

---

૧ પૂ. પં. શ્રી. ભદ્રંકર વિ. મ. દ્વારા સંપાદિત સ્વાધ્યાય ગ્રન્થ સંદોહમાં સંગૃહીત સંસ્કરણ.

૨ શ્રા. ભીમશી માણેક દ્વારા પ્રકાશિત સંસ્કર

જેમ ( માટીના લેપડાથી પાણીમાં ડૂબેલું ) તૂંબડું, માટીનો લેપડો ઉખડી જતાં એકદમ પાણીની ઉપર તરી આવે છે. તેમ કર્મનો લેપ ઉખડી જતાં મુક્ત થયેલા આત્માની સિદ્ધગતિ–ઉર્ધ્વગતિ થાય છે એમ કહ્યું છે. ૧૨૨. એરંડાની શીંગ ફૂટતાં જ જેમ અંદર રહેલું બીજ ઉછળતું દેખાય છે. તેમ કર્મબન્ધનનો છેદ થતાં સિદ્ધસ્વરૂપી આત્માની પણ ઉર્ધ્વગતિ થાય છે.

—ગુણસ્થાનક્રમારોહ, શ્લો. ૧૨૨, ૧૨૩

૧, જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થવાથી અનંત કેવલ-જ્ઞાન, ૨, દર્શનાવરણીય કર્મનો ક્ષય થવાથી અનંત દર્શન, ૩, મોહનીય કર્મનો ક્ષય થવાથી ક્ષાયિક ભાવનું શુદ્ધ સમ્યકત્વ અને શુદ્ધ યથાખ્યાત ચારિત્ર, ૪, વેદનીય કર્મનો ક્ષય થવાથી અનંત સુખ અને ૫, અન્તરાય કર્મના ક્ષયથી અનંત શક્તિ, ૬, આયુષ્ય કર્મનો ક્ષય થવાથી અક્ષય સ્થિતિ ( અજરામરપણું ) અને ૭–૮, નામ તથા ગોત્ર કર્મનો ક્ષય થવાથી અમૂર્ત અનંત અવગાહના ( એમ આઠકર્મના સંપૂર્ણક્ષયથી આત્માના આઠ ગુણો સંપૂર્ણપણે પ્રગટે છે.) —ગુણસ્થાનક્રમારોહ, શ્લો. ૧૩૦, ૧૩૧, ૧૩૨.

સમસ્ત લોકાકાશમાં એક વાળના અગ્રભાગ જેટલું પણ એવું કોઈ સ્થાન નથી કે જે વિવિધ જાતના કર્મોદયથી આ જીવ વડે સ્પર્શાયું ન હોય.

જીવ એકલો જ જન્મે છે, એકલો જ મરે છે અને ( આત્મામાં બાંધેલા ) એકઠાં કરેલાં શુભાશુભ કર્મોને તે એકલો જ ભવાન્તરમાં ભોગવે છે.—શ્રીમદ્ હેમચંદ્રાચાર્યકૃત

યોગશાસ્ત્ર, પ્રકાશ ૪, શ્લો. ૬૭, ૬૮.

## मूलपाठ

दुःखं प्राप्य न दीनः स्यात्, सुखं प्राप्य च विस्मितः ।
मुनिः कर्मविपाकस्य, जानन् परवशं जगत् ॥१॥
येषां भ्रूभङ्गमात्रेण, भज्यन्ते पर्वता अपि ।
तैरहो कर्मवैषम्ये, भूपैर्भिक्षाऽपि नाप्यते ॥२॥
जातिचातुर्यहीनोऽपि, कर्मण्यभ्युदयावहे ।
क्षणाद्रङ्कोऽपि राजा स्या–च्छत्रच्छन्नदिगन्तरः ॥३॥
आरूढा प्रशमश्रेणिं, श्रुतकेवलिनोऽपि च ।
भ्राम्यन्तेऽनन्तसंसार–महो दुष्टेन कर्मणा ॥५॥

श्री ज्ञानसारे[1], कर्मविपाकाष्टकम् २१।

स्वस्वकर्मकृतावेशा, स्वस्वकर्म भुजो नराः ।
न रागं नापि च द्वेषं, मध्यस्थस्तेषु गच्छति ॥४॥

—श्री ज्ञानसारे, माध्यस्थाष्टकम् १६।

साम्यं बिभर्ति यः कर्म–विपाकं हृदि चिन्तयन् ।
स एव स्याच्चिदानन्द–मकरन्दमधुव्रतः ॥८॥

—श्री ज्ञानसारे, कर्मविपाकाष्टकम् २१।

अनिच्छन् कर्मवैषम्यं, ब्रह्मांशेन समं जगत् ।
आत्माभेदेन यः पश्येद–सौ मोक्षंगमी शमी ॥२॥

—श्री ज्ञानसारे, शमाष्टकम् ६।

---

१ न्यायविशारद, न्यायाचार्य महोपाध्याय श्रीमद् यशोविजयजी गणि कृत आ अद्‌भुत मूलग्रन्थ अने तेनो स्वोपज्ञ गुजराती टबार्थ, पंडित भगवानदास हरखचंदे अमदावादथी प्रकाशित कर्यो छे.

જગત પૂર્વકૃત કર્મોનાં શુભાશુભ પરિણામોને પરવશ થયેલું છે એમ જાણતો મુનિ દુઃખ પામીને દીન ન થાય અને સુખ પામીને વિસ્મયવાળો ન બને. ૧

જેઓની ભૃકુટીના ભંગ માત્રથી (આંખના ઈશારાથી પણ) પર્વતો ભાંગી જાય છે. એવા સત્તાધીશ રાજાઓ પણ કર્મની વિષમતા આવી પડે ત્યારે ભિક્ષા પણ મેળવી શકતા નથી. ૨ જાતિ અને ચતુરાઈથી હીન હોવા છતાં જ્યારે અભ્યુદયકારી શુભકર્મનો ઉદય હોય છે ત્યારે રાંક પણ ક્ષણવારમાં દિગન્ત વ્યાપી છત્ર (શાસન)વાળો રાજા બની જાય છે ૩

ઉપશમશ્રેણિ ઉપર એટલે કે યાવત્ ૧૧મા ગુણસ્થાનકે ચઢેલા તથા શ્રુતકેવલી ચૌદપૂર્વધરો પણ અહો ! આ દુષ્ટ કર્મને કારણે અનન્તા સંસારમાં ભમે છે. ૫

—જ્ઞાનસાર, કર્મવિપાક અષ્ટક ૨૧.

પોતપોતાનાં કર્મનો જેણે આગ્રહ કર્યો છે. એવા પોતપોતાના કર્મને ભોગવનારા મનુષ્યો છે. તેમાં મધ્યસ્થ પુરૂષ રાગને કે દ્વેષને પામતો નથી ૪—જ્ઞાન૦ અષ્ટક ૧૬.

(જગતની વિચિત્રતાઓ જોઈને) જે શુભાશુભ કર્મોનાં પરિણામોને હૃદયમાં વિચારતો સમભાવને ધારણ કરે છે. તે જ્ઞાનાનન્દરૂપ મકરન્દનો (પરાગનો) ભોગવનાર ભ્રમર બને છે. ૮ —શ્રી જ્ઞાનસાર, કર્મવિપાક અષ્ટક ૨૧.

જે કર્મને કારણે થયેલા વિવિધ ભેદોને નથી ઇચ્છતો પરંતુ બ્રહ્મના અંશથી (ચૈતન્ય સત્તાથી) એક જ સ્વરૂપવાળા એવા જગતને પોતાના આત્માથી અભિન્નપણે જુએ છે. તે ઉપશમવાળો (સમત્વવાન્ સાધક) મોક્ષગામી બને છે. ૨

—શ્રી જ્ઞાનસાર, શમાષ્ટક ૬.

## ઉપસંહાર

આ લઘુ પુસ્તકનું "જૈન ધર્મમાં કર્મવાદ" નામનું આ અન્તિમ પ્રકરણ અહીં પુરૂં થાય છે. બીજા અને ત્રીજા પ્રકરણની પધ્ધતિએ "જૈનધર્મમાં કર્મવાદ" નામના આ ૪ થા પ્રકરણમાં પણ સૌ કોઈ સમજી શકે એવી કર્મવાદને લગતી સ્થૂલ વાતો જ રજુ કરી છે. પરંતુ અહીં એ ભૂલવું ન જોઈએ કે જનધર્મનો કર્મવાદ એ એક સૂક્ષ્મ અત્યંત વિશાળ અને અતિ ઉંડાણભરી વાતોને ચર્ચતી મૌલિક ફિલોસોફી છે. આ પુસ્તિકામાં રજુ થયેલી વાતો તો એ મહાસિંધુનું માત્ર એક નાનકડું બિંદુ છે.

જૈન આગમોમાં સ્થળે સ્થળે કર્મવાદના વિચારો ચર્ચાયા છે ઉપરાંત જૈન મહર્ષિઓએ તત્વજ્ઞાન, આચાર, યોગ, અધ્યાત્મ, ઉપદેશ, ચરિત્ર, કથા, કાવ્ય, કોશ, ન્યાય, વ્યાકરણ વગેરે દરેક વિષયોપર રચેલા વિશાળ સાહિત્યની જેમ કર્મવાદને લગતા પણ સેંકડો ગ્રન્થો રચ્યા છે.

ભગવાન મહાવીર પરમાત્માના સમયથી આજે આ વિક્રમની એકવીસમી શતાબ્દી સુધીમાં, પ્રાકૃત, સંસ્કૃત, હિન્દી, ગુજરાતી અને ઈંગ્લીશ વગેરે ભાષાઓમાં કર્મવાદને લગતા જે જે નાના મોટા ગ્રન્થો લખાયા છે. તે વિષે વિશેષ માહિતી મેળવવા માટે જિજ્ઞાસુઓએ પ્રો. હીરાલાલ-રસિકદાસ કાપડીયા કૃત 'કર્મ સિદ્ધાંત સંબંધી સાહિત્ય' નામનું પુસ્તક જોવું જોઈએ. અથવા મુખ્યત્વે એના આધારે **પૂ. મુનિરાજ શ્રી મિત્રાનંદ વિ. મહારાજે** સંકલિત કરેલ 'કર્મસાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' પુસ્તિકા જોવી.